RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk
*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
*Volume : 8 * Issue No. 330* Date: 27.09.2022, Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## રાજસ્થાનમાં કોંગ્રેસનું કોકડું વધુ ગૂંચવાયું

# નવા મુખ્યમંત્રી તો અમારા જ હોવા જોઈએ :પાયલોટ

### મારા હાથમાં કંઇ જ નથી, ધારાસભ્યોનો નિર્ણય ખાનગીઃ ગહેલોત




જયપુર,તા.૨૬

કોંગ્રેસમાં અધ્યક્ષ અને રાજસ્થાનમાં મુખ્યમંત્રીની પસંદગીનો મામલો અટવાઈ રહ્યો છે. અધ્યક્ષ પદ માટે અશોક ગેહલોતના નોમિનેશન વચ્ચે સચિન પાયલોટને મુખ્યમંત્રી બનાવવાની શક્યતાઓ જણાવા લાગી છે. આવી સ્થિતિમાં ગેહલોત જૂથનો હાઈકમાન્ડ સામે જ ટકરાવ થઈ રહ્યો છે. ગેહલોત જૂથે ધારાસભ્ય દળની બેઠકનો બહિષ્કાર કર્યો હતો. આ જૂથ કોંગ્રેસ અધ્યક્ષની ચૂંટણી સુધી એટલે કે ૧૯ ઓક્ટોબર સુધી કોઈપણ બેઠકમાં ભાગ લેશે નહીં. શરતો પણ મૂકવામાં આવી છે. પ્રથમ- સરકારને બચાવનાર ૧૦૨ ધારાસભ્યો એટલે કે ગેહલોત જૂથમાંથી જ કોઈ મુખ્યમંત્રી બને. બીજું- જ્યારે અધ્યક્ષની ચૂંટણી થઈ જાય ત્યારબાદ જ મુખ્યમંત્રીની જાહેરાત કરવામાં આવે. ત્રીજું- નવા મુખ્યમંત્રી જે પણ હોય, તે ગેહલોતની પસંદગીના હોવા જોઈએ.કોંગ્રેસમાં અઢી વર્ષ બાદ ફરી એકવાર બળવો કરવાના સૂરો જોવા મળી રહ્યા છે. મુખ્યમંત્રી અશોક ગેહલોતના સમર્થકોએ સચિન પાયલટને મુખ્યમંત્રી બનવાની શક્યતાઓને જોતા કોંગ્રેસે હાઈકમાન્ડ સામે મોરચો માંડ્યો છે. ધારાસભ્ય દળની બેઠકનો બહિષ્કાર કરીને તેમણે સ્પીકરને રાજીનામા આપી દીધા છે. આ વખતે સચિન પાયલટ અને તેના સમર્થકો શાંત છે, પરંતુ ગેહલોત સમર્થક ધારાસભ્યો ઉગ્ર વલણ દાખવી રહ્યા છે.

નવા સીએમની પસંદગી માટે નિરીક્ષક તરીકે આવેલા મલ્લિકાર્જુન ખડગે અને અજય માકન આજે પણ જયપુરમાં રહીને વિવાદ ઉકેલવાના પ્રયાસ કર્યો હતો માકન અને ખડગે તે બાબતના પ્રયાસ કરી રહ્યા છે કે સીએમની પસંદગીનો અધિકાર હાઈકમાન્ડ પર છોડવાનો ઠરાવ પસાર થઈ જાય, પરંતુ ગેહલોત તરફી ધારાસભ્યો ૧૯ ઓક્ટોબર સુધી કોઈપણ બેઠકમાં હાજરી આપવા તૈયાર નથી.

મોડી રાત્રે અજય માકનને મંત્રી શાંતિ ધારીવાલ, મહેશ જોશી, બીડી કલ્લા અને અપક્ષ ધારાસભ્ય સંયમ લોઢા મળ્યા હતા. માકને દલીલ કરી હતી કે ધારાસભ્યો બિનજરૂરી રીતે નારાજ થઈ રહ્યા છે. નિરીક્ષકો તો માત્ર સીએમ પસંદગીનો નિર્ણય હાઈકમાન્ડ પર છોડવાનો પ્રસ્તાવ પાસ કરાવવા આવ્યા છીએ, અમે કોઈ ખાસ નેતાને સીએમ બનાવવા નથી આવ્યા.ગેહલોત તરફી ધારાસભ્યોએ નવા મુખ્યમંત્રીની પસંદગી માટે પરામર્શ બેઠકનો બહિષ્કાર કરીને કોંગ્રેસ હાઈકમાન્ડને ખુલ્લો પડકાર આપ્યો છે. ગેહલોત સમર્થકોનું વલણ હજુ પણ અકબંધ છે. ગેહલોતના સમર્થકોએ ધારાસભ્ય દળની બેઠકનો બહિષ્કાર કરીને ખળભળાટ મચાવી દીધી. ધારાસભ્ય હોદ્દા પરથી સ્પીકરને રાજીનામું સોંપી દેતા લડતનો મોરચો માંડ્યો છે. ગેહલોત કેમ્પ દાવો કરી રહ્યું છે કે ૯૦ થી વધુ ધારાસભ્યોએ રાજીનામું આપી દીધું છે.રાજસ્થાનનું રાજકારણ એક નવા તબક્કે પહેંચી ગયું છે. મુખ્યમંત્રી અશોક ગેહલોતની કોંગ્રેસ અધ્યક્ષ પદ માટે ઉમેદવારી નોંધાવવાની તૈયારી ચાલી રહી છે. તેમના સ્થાને મુખ્યપ્રધાન તરીકે હાઈકમાન્ડની પસંદગી સચિન પાયલોટની છે, પરંતુ પાઈલટના નામને લઈને ગેહલોત જુથમાં ભારે રોષ છે. ધારાસભ્ય દળની બેઠક પહેલા જ સ્પીકર સીપી જોશીના ઘરે પહોંચીને ગેહલોત જૂથના લગભગ ૭૦ ધારાસભ્યોએ રાજીનામા આપી દીધા છે.મંત્રી પ્રતાપ સિંહ ખાચરિયાવાસે દાવો કર્યો કે અમારી પાસે ૯૨ ધારાસભ્યો છે. અમારી એક જ માંગ છે કે બળવો કરનારા લોકોમાંથી સીએમ ન બનાવવામાં આવે.કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલે કહ્યું- ગેહલોત સાથે વાત નથી થઈ, પરંતુ ટૂંક સમયમાં ઉકેલ આવશે. તેમણે કહ્યું ન તો મેં આજે સીએમ ગેહલોત સાથે વાત કરી ન તો તેમણે મને ફોન કર્યો. ટૂંક સમયમાં સમસ્યાનું નિરાકરણ આવશે. એવું માનવામાં આવે છે કે રાજસ્થાનમાં ફરી એકવાર ધારાસભ્યોની વાડાબંધી કરવામાં આવી શકે છે.આ તરફ મંત્રી શાંતિ ધારીવાલ, પ્રતાપ સિંહ ખાચરિયાવાસ, મહેશ જોશી અને અપક્ષ ધારાસભ્ય સંયમ લોઢા રવિવારે રાત્રે ૧૦.૩૦ વાગ્યે સીએમ નિવાસસ્થાને પહોંચ્યા હતા. રાત્રે ઓબ્ઝર્વર સાથે વાત કર્યા બાદ ચારેય વક્તાઓ જોશીના બંગલે પહોંચ્યા હતા. મુખ્યમંત્રી ગેહલોત, ખડગે અને માકન તરફથી ધારાસભ્યોને મંત્રણાની વિગતો આપવામાં આવી હતી. ૧૯ ઓક્ટોબર સુધી કોંગ્રેસ અધ્યક્ષનું પરિણામ જાહેર ન થાય ત્યાં સુધી ધારાસભ્યોએ પાર્ટીની બેઠકમાં ભાગ ન લેવા જણાવ્યું હતું.આ પહેલા મુખ્યમંત્રી અશોક ગેહલોત પ્રદેશ પ્રભારી અજય માકન અને મલ્લિકાર્જુન ખડગેને મળવા હોટલ પહોંચ્યા હતા. નાની બેઠક બાદ ત્રણેય સીએમ હોઉસ પહોંચ્યા હતા, પણ કોઈ ધારાસભ્ય ન આવવાથી બેઠક રદ્દ કરવી પડી હતી.કોંગ્રેસમાં સીએમ બદલવાના મુદ્દે ગેહલોત તરફી ધારાસભ્યોએ સામૂહિક રાજીનામાની ધમકી આપી હતી. મંત્રી શાંતિ ધારીવાલના ઘરે બેઠક ઝઈઠ ગેહલોત જૂથના ધારાસભ્યો સ્પીકર સીપી જોશીને મળ્યા હતા અને તેમના રાજીનામા સબમિટ કરવાની રણનીતિ બનાવી હતી. ગેહલોત જૂથના ઘણા ધારાસભ્યો પાર્ટીની બેઠકનો બહિષ્કાર કરવાની સલાહ આપવામાં આવી હતી. આ બેઠકમાં ૭૦થી વધુ ધારાસભ્યો હાજર રહ્યા હતા.

ગહેલોતના આ વલણથી પાર્ટી હાઈકમાન્ડ અત્યંત હૈરાન છે. સુત્રોનું કહેવું છે કે વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીના કહેવાથી કે સી વેણુગોપાલે ગહેલોતને ફોન કર્યો હતો અને જયપુરમાં શું ચાલી રહ્યું છે તે અંગે પૃચ્છા કરી હતી. જોકે મુખ્યમંત્રીએ એવું કહ્યું હોવાનું મનાય છે કે તેમના હાથમાં કંઇ જ નથી. આ ધારાસભ્યોનો ખાનગી નિર્ણય છે અને તેમાં તેમનો કોઇ હાથ નથી. રાજસ્થાનની રાજકીય ગતિવિધિઓ ઝડપથી બદલાતી જોવા મળી રહી છે. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના નિરીક્ષકો મલિકાર્જુન ખડગે અને અજય માકન દિલ્લી જઇને ટોચના નેતૃત્વને રાજસ્થાનની રાજકીય સ્થિતિનો અહેવાલ સુપરત કરશે. કહેવામાં આવી રહ્યું છે કે નારાજ ધારાસભ્યો નિરીક્ષકોને મળવા તૈયાર નથી. જોકે, મોડી રાત્રે હાઈકમાન્ડ સાથે ચર્ચા બાદ સચિન પાયલટે નિરીક્ષકો સાથે બીજા રાઉન્ડની બેઠક કરી હતી. જણાવી દઈએ કે સચિન પાયલટના વિરોધમાં ગેહલોત તરફી ધારાસભ્યોના રાજીનામા બાદ કોંગ્રેસના વચગાળાના પ્રમુખ સોનિયા ગાંધીએ નિરીક્ષકોને વાટાઘાટો દ્વારા રાજકીય વિવાદ ઉકેલવા કહ્યું હતું.વાસ્તવમાં સોનિયા ગાંધીએ રાજસ્થાન કોંગ્રેસમાં આ હંગામા પર નારાજગી વ્યક્ત કરી હતી. કોંગ્રેસના નેતા અજય માકને કહ્યું હતું કે તેમને ધારાસભ્યો સાથે વાતચીત કરવા માટે સૂચના આપવામાં આવી છે. અજય માકને કહ્યું કે અમારી સાથે આવેલા અન્ય નિરીક્ષક મલ્લિકાર્જુન ખડગે પણ ધારાસભ્યો સાથે વાત કરશે. જોકે, ધારાસભ્યોએ વાટાઘાટો કરવાનો ઈક્કાર કરી દીધો છે.

## વિધાનસભ્યો માટે ધારાસભ્ય દળની બેઠકમાં ન આવવું અને અલગ બેઠક કરવી એ અનુશાસનહીન છે.: અજય માકન

જયપુર,તા.૨૬

રાજસ્થાન કોંગ્રેસમાં ચાલી રહેલી રાજકીય ધમાસાણ વચ્ચે કોંગ્રેસ નેતૃત્વએ ગેહલોત કેમ્પના રાજીનામા પર નારાજગી વ્યક્ત કરી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અજય માકને કહ્યું છે કે ધારાસભ્યો માટે વિધાનમંડળ દળની બેઠકમાં ભાગ ન લેવો એ અનુશાસનહીન છે. આ અંગે કાર્યવાહી થઈ શકે છે.

અજય માકને કહ્યું, ×વિધાનસભ્યો માટે ધારાસભ્ય દળની બેઠકમાં ન આવવું અને અલગ બેઠક કરવી એ અનુશાસનહીન છે, આ ધારાસભ્યો અમારી વાત સાંભળી રહ્યા ન હતા, અમે પાછા જઈને સોનિયા ગાંધીને રિપોર્ટ કરીશું.× માકને કહ્યું કે અમે દિલ્હી જઈ રહ્યા છીએ. અમને આશા છે કે અમે વાત કરીશું અને ઉકેલ શોધીશું. માકને કહ્યું કે શાંતિ ધારીવાલના ઘરે આયોજિત મીટિંગ પ્રથમ દૃષ્ટિએ અનુશાસનહીન હતી. આ અનુશાસનની શ્રેણીમાં આવે છે.

માકને જણાવ્યું હતું કે કેટલા ધારાસભ્યોએ રાજીનામું આપ્યું છે તે સ્પષ્ટ નથી. ઠરાવ એક લીટીનો છે. તેમણે કહ્યું કે ગઈ કાલે જે કંઈ પણ થયું, તે ઘટનાની સંપૂર્ણ માહિતી સોનિયા ગાંધીને આપશે. અમે ધારાસભ્યો સાથે વન ટુ વન વાતચીત માટે આવ્યા હતા, પરંતુ અમે કોઈની સાથે વાત કરી શક્યા ન હતા. મુખ્યમંત્રી પદ અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.માકન અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા મલ્લિકાર્જુન ખડગે પાર્ટીના રાષ્ટ્રીય નિરીક્ષક તરીકે જયપુર પહોંચ્યા હતા. રવિવારે તેઓ નવા સીએમની પસંદગી માટે કોંગ્રેસના ધારાસભ્યોના અભિપ્રાય જાણવા માટે બેઠક યોજવાના હતા, પરંતુ ગેહલોત તરફી ધારાસભ્યો બેઠકમાં પહોંચ્યા ન હતા. આ દરમિયાન સમાચાર આવ્યા કે ૯૨ ધારાસભ્યોએ સ્પીકર સીપી જોશીને તેમના રાજીનામા સોંપી દીધા છે.

માકને કહ્યું કે ધારાસભ્ય દળની બેઠકમાં ન આવવું એ અનુશાસનહીન છે. આ સાથે માકને ગેહલોત કેમ્પના ધારાસભ્યો દ્વારા મુકવામાં આવેલી ત્રણ શરતોને પણ 'હિતોનો ટકરાવ' ગણાવી હતી. કોંગ્રેસના ઈતિહાસમાં ક્યારેય આવો શરતી ઠરાવ પસાર થયો નથી. તેમણે એમ પણ કહ્યું કે કોંગ્રેસના કેટલા ધારાસભ્યોએ સ્પષ્ટતા કરી છે, તે હજુ સુધી જાણી શકાયું નથી. અધિકૃત મીટિંગમાં હાજરી ન આપવી અને તેની સાથે સમાંતર બીજી મીટીંગ બોલાવવી એ ચોક્કસપણે અનુશાસનહીન છે.

## લગ્નમાં આમંત્રિત મહેમાનો પાસે આધાર કાર્ડ હોય તો જ પ્રવેશ

લખનૌ,તા.૨૬

ઉત્તર પ્રદેશના અમરોહામાં આયોજિત એક લગ્નમાં આમંત્રિત મહેમાનોને તેમના આધારકાર્ડ બતાવવા માટે કહેવામાં આવ્યું હતું અને ત્યારબાદ જ તેમને લગ્નસ્થળ પર જવા દેવામાં આવ્યા હતા. હા, તમે બરાબર જ વાંચ્યું છે. હાલ આ વીડિયો સોશિયલ મીડિયામાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે.અમરોહાના હસનપુરમાં આ ઘટના બની હતી. લગ્નસ્થળે આવતા મહેમાનો ત્યાં પહોંચતા જ ચિંતિત થઈ ગયા હતા. કારણ કે ત્યાં ઉભેલો એક શખ્સ તેમની પાસે આધાર કાર્ડ માગી રહ્યો હતો. તેમાં જે લોકો આધાર કાર્ડ બતાવતા હતા તેમને જ અંદર જવા દેવામાં આવતા હતા અને ત્યારે જ એક શખ્સ પાસે આધાર કાર્ડ નહોતું તેથી તેને એન્ટ્રી આપવામાં આવી નહોતી. ત્યારે આ શખ્સે ઘટનાનો વીડિયો ઉતારી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો.હસનાપુરના ધવારસીમાંથી જાન આવી હતી. ત્યારે લગ્નસ્થળ બહાર મોટું ટોળું ભેગું થયું હતું. ત્યારે ત્યાં આવેલા જાનૈયાઓને આધાર કાર્ડ બતાવવા માટે કહેવામાં આવ્યુ હતુ. તેમાં જે લોકો આધાર કાર્ડ બતાવે તેને લગ્નસ્થળે જવા દેવાતા હતા અને બાકીનાને ઘૂસવા દેવાયાં નહોતા.

મળતી માહિતી પ્રમાણે, ૨૧મી સપ્ટેમ્બરે એક જ જગ્યાએ બે જાન આવી હતી.

ત્યારે ભોજન પીરસવાનું શરૂ કર્યુ હતુ અને ત્યારે બીજી જાનના લોકો પણ પ્રવેશ કરતા હતા. ત્યારે કન્યાનો પરિવાર નારાજ થઈ ગયો હતો અને જમણવાર બંધ કરી દીધો હતો. તેમણે ભીડને કંટ્રોલ કરવા માટે આધાર કાર્ડ બતાવવાની શરત મૂકી હતી. જો કે, લગ્નના અમુક મહેમાનો ફિક્સ હતા કારણ કે તે સમયે તેમની પાસે કોઈ ઓળખનો પુરાવો નહોતો.

## ભારતમાં રહેનાર સહુ કોઈ હિંદુ છે,આપણા પૂર્વજોએ મહાન કામ કર્યા છે : મોહન ભાગવત

શિલોંગ,તા.૨૬

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ)ના વડા મોહન ભાગવતે કહ્યુ કે ભારતમાં રહેતા તમામ લોકોની ઓળખ હિંદુ છે. આરએસએસની ફિલસૂફી સમજાવતા આરએસએસના વડા મોહન ભાગવતે શિલોંગમાં એક સભાને સંબોધતા કહ્યુ કે હિંદુ ધર્મ એ કોઈ ધર્મ નથી પરંતુ જીવન જીવવાની રીત છે. મોહન ભાગવતે કહ્યુ કે ભારતમાં બધા હિન્દુ છે કારણ કે તમામ ભારતીયો હિન્દુસ્તાનના રહેવાસી છે. હિમાલયની દક્ષિણમાં, હિંદ મહાસાગરના ઉત્તરમાં, સિંધુ નદીના કિનારે બધા ભારતમાં વસે છે. મોહન ભાગવતે કહ્યુ કે આ વિસ્તારના રહેવાસીઓને પરંપરાગત રીતે હિન્દુ કહેવામાં આવે છે. તેને ભારત પણ કહેવામાં આવે છે.

આરએસએસના વડા મોહન ભાગવતે કહ્યુ, 'આપણા પૂર્વજોએ મહાન કાર્યો કર્યા છે, આપણે ગણિત, વિજ્ઞાન અને આયુર્વેદ શીખવ્યુ છે, આજે પણ આપણે તે જ કરીએ છીએ, જેમણે શ્રીલંકાને સંકટ સમયે મદદ કરી અને તેમને લોન આપી એ ભારત છે. કોવિડમાં વિશ્વને રસી કોણે આપી? આપણી આપી.' મોહન ભાગવતે કહ્યુ કે ઈસ્લામ ફેલાવનારા મુઘલો અને ખ્રિસ્તી ધર્મ ફેલાવનારા બ્રિટિશ શાસકો પહેલા પણ હિન્દુઓ અસ્તિત્વમાં હતા. આરએસએસની વિચારધારા પર પ્રકાશ ફેંકતા મોહન ભાગવતે કહ્યુ કે 'હિન્દુ' શબ્દમાં તે બધા લોકો સામેલ છે જેઓ 'ભારત માતા'ના પુત્રો છે, ભારતીય પૂર્વજોના વંશજ છે અને જેઓ ભારતીય સંસ્કૃતિ અનુસાર જીવે છે.ધર્માંતરણના ડરને નકારી કાઢતા મોહન ભાગવતે કહ્યુ કે, 'હિન્દુ બનવા માટે ધર્મ પરિવર્તન કરવાની જરૂર નથી કારણ કે અહીં દરેક હિન્દુ છે. ભારત પશ્ચિમી ખ્યાલવાળો દેશ નથી. તે અનાદિ કાળથી સાંસ્કૃતિક દેશ રહ્યો છે. હકીકતમાં, તે એક એવો દેશ છે જેણે વિશ્વને માનવતાનો પાઠ ભણાવ્યો છે.' આરએસએસના મેઘાલય એકમ દ્વારા આયોજિત કાર્યક્રમોમાં ભાજપના કેટલાય નેતાઓ, હિન્દુ સંગઠનોના સભ્યોએ ભાગ લીધો હતો. મોહન ભાગવતની મેઘાલયની મુલાકાત મહત્ત્વપૂર્ણ છે કારણ કે ત્યાં આવતા વર્ષે ફેબ્રુઆરીમાં વિધાનસભાની ચૂંટણી થવાની છે. ઝેડ સુરક્ષા કવચ ધરાવતા મોહન ભાગવતની મુલાકાતને ધ્યાનમાં રાખીને રાજ્યમાં વિસ્તૃત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી.

## આર્થિક સંકટ વચ્ચે પાકિસ્તાનના નાણા મંત્રી આપ્યું રાજીનામું

ઈસ્લામાબાદ,તા.૨૬

આર્થિક સંકટનો સામનો કરી રહેલા પાકિસ્તાનના નાણા મંત્રી મિફતાહ ઈસ્માઈલે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. ઈશાક ડાર નવા નાણામંત્રી હશે. દારને નાણામંત્રી બનાવવાનો ઔપચારિક નિર્ણય શનિવારે લંડનમાં વડાપ્રધાન શાહબાઝ શરીફ અને તેમના ભાઈ નવાઝ શરીફ વચ્ચેની બેઠક દરમિયાન લેવામાં આવ્યો હતો. મિફતાહ ઈસ્માઈલ અને ઈશાક ડાર સિવાય પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝના અન્ય નેતાઓ બેઠકમાં હાજર હતા. ઈસ્માઈલે તેમનું રાજીનામું નવાઝ શરીફને સુપરત કર્યું, જેઓ ભ્રષ્ટાચારના મામલામાં દોષિત થવાને કારણે રાજકારણથી દૂર છે, પરંતુ તેમના નિર્ણયોને પાર્ટી માટે બંધનકર્તા માનવામાં આવે છે.

પીએમએલના એક નિવેદનમાં ઈસ્માઈલને ટાંકીને જણાવ્યું હતું કે, મેં ચાર મહિના સુધી મારી શ્રેષ્ઠ ક્ષમતા પ્રમાણે કામ કર્યું અને પાર્ટી અને દેશ પ્રત્યે વફાદારીનો ઋણી છું. અને આવતા અઠવાડિયે શપથ લેશે. નાણામંત્રી તરીકે ઈસ્માઈલનો કાર્યકાળ ૧૮ ઓક્ટોબરે પૂરો થવાનો હતો. જો કે મીડિયા રિપોર્ટ્સ અનુસાર ઈસ્માઈલ કેબિનેટમાં સલાહકાર તરીકે રહી શકે છે.

તમને જણાવી દઈએ કે જ્યારે નવાઝ શરીફ પાકિસ્તાનના પીએમ હતા ત્યારે તેમણે નાણામંત્રી તરીકે પણ કામ કર્યું હતું. જોકે, બાદમાં તેમના પર ભ્રષ્ટાચારનો આરોપ લાગ્યો હતો.

## ટીએમસી નેતાએ ભાજપના ૨ દિગ્ગજ નેતાઓની તસવીરોને હાર પહેરાવી તેમનું તર્પણ કર્યું



કોલકાતા, તા.૨૬

રાજકારણમાં સામસામે વિરોધ એ સામાન્ય બાબત છે પરંતુ ઘણી વખત નેતાઓ વિરોધ કરવામાં ભાન ભૂલી જતા હોય છે અને મર્યાદાઓનું ઉલ્લંઘન કરી દેતા હોય છે. તાજેતરમાં તૃણમૂલ કોંગ્રેસના નેતા મદન મિત્રાએ વિરોધ માટે જે રસ્તો અપનાવ્યો છે તેના કારણે ભારે મોટો વિવાદ સર્જાયો છે.

ટીએમસીના વરિષ્ઠ નેતા મદન મિત્રાએ ભાજપના શુભેંદુ અધિકારી અને દિલીપ ઘોષ માટે તર્પણ કર્યું છે જેના કારણે વિવાદ સર્જાયો છે. પશ્ચિમ બંગાળમાં થતી દુર્ગા પૂજા ભારત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ છે. રવિવારના રોજ મહાલયા સાથે તેની શરૂઆત થઈ હતી. એવી માન્યતા છે કે, મહાલયના દિવસે પૂર્વજોના સન્માનમાં 'તર્પણ' કરવામાં આવે છે. મૃતકના પરિવારજનો ગંગા નદીના કિનારે તર્પણ કરે છે.

આ ઉપરાંત તેમણે એક ઈન્ટરવ્યુ દરમિયાન કહ્યું હતું કે, પશ્ચિમ બંગાળમાં પંચાયતની ચૂંટણી બાદ ભાજપ મરી જશે. તેમણે કહ્યું હતું કે, 'ટૂંક સમયમાં જ બંગાળમાં ભાજપની વિદાય થઈ જશે. ભાજપમાં તર્પણ કરનારૂં કોઈ નહીં રહે. અમે તેમના અત્યાચારોની વિરૂદ્ધમાં છીએ. આગામી વર્ષે યોજાનારી પંચાયતની ચૂંટણી બાદ ભાજપ સંપૂર્ણપણે મરી જશે.'

ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ દિલીપ ઘોષે ટીએમસી નેતા મદન મિત્રાએ મહાલયા વખતે તેમની તસવીરનું 'તર્પણ' કર્યું તે અંગે કટાક્ષ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, મિત્રાએ ઘોષને પોતાના પૂર્વજ માન્યા છે કારણ કે, તર્પણ કોઈ પોતાના પૂર્વજો માટે જ કરે છે.

## તંત્રી સ્થાનેથી...

# સંયુક્ત રાષ્ટ્ર કોવિડ મહામારીને સમાપ્ત કરવાની પણ ચર્ચા કરશે

દર વર્ષે સપ્ટેમ્બરમાં સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલયમાં મહાસભાનું સત્ર યોજાય છે. સંમેલન બે અઠવાડિયાં સુધી ચાલે છે અને સામાન્ય રીતે પાંચ દિવસ સુધી દરેક સભ્ય દેશના રાજ્યના વડાઓ, રાજનેતાઓ કે પ્રતિનિધિઓનાં ભાષણો થાય છે. ૧૯૪૫માં સ્થપાયેલી આ સંસ્થામાં ૧૯૩ સભ્યો છે જેમને સંપૂર્ણ સભ્યપદ મળ્યું છે જ્યારે ધ હોલી સી (પોપના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે તે વિસ્તાર) અને પેલેસ્ટાઈન એ બે બિન-સદસ્ય દેશો છે. સંયુક્ત રાષ્ટ્રના તમામ ૧૯૩ સભ્ય દેશો મહાસભામાં પ્રતિનિધિત્વ કરે છે. આ વખતે બધાનું ધ્યાન યુક્રેન યુદ્ધ અને રશિયાના પશ્ચિમ સાથેના સંબંધોને લગતી બાબતો પર કેન્દ્રિત છે. યુએન સંમેલન દરમિયાન અત્યાર સુધી અમેરિકાએ રશિયા સાથે કોઈ પણ સ્તરની બેઠકની શક્યતાને નકારી કાઢી છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝૅલેન્સ્કી ન્યૂયૉર્ક નથી આવી રહ્યા, પરંતુ તેઓ વીડિયો દ્વારા મહાસભાને સંબોધશે. રશિયાએ આની સામે વાંધો ઉઠાવ્યો હતો, પરંતુ સંયુક્ત રાષ્ટ્રમાં એક ઠરાવ પસાર કરવામાં આવ્યો છે જેમાં ઝૅલેન્સ્કીનું રેકૉર્ડ કરેલું ભાષણ વીડિયો દ્વારા ચલાવવાની મંજૂરી આપવામાં આવી છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન આ સંમેલનમાં ભાગ લેવાના નથી પરંતુ રશિયાના વિદેશમંત્રી સર્ગેઈ લેવરાવ હાજરી આપી રહ્યા છે.

સંયુક્ત રાષ્ટ્રનું માનવું છે કે વિશ્વભરમાં કોવિડ મહામારીને કારણે ઘણા લોકોના જીવ ગયા છે અને આર્થિક નુકસાન પણ થઈ રહ્યું છે. જેના કારણે વિશ્વ અર્થવ્યવસ્થાને રિકવર કરવાનું પણ મુશ્કેલ બની રહ્યું છે. આ સંદર્ભમાં વિશ્વભરના નેતાઓ કોવિડ મહામારીને સમાપ્ત કરવાની દિશામાં પણ ચર્ચા કરશે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૭૭મા સત્રમાં ભારત સહિત ઘણા દેશો આતંકવાદ અને સંયુક્ત રાષ્ટ્રમાં સુધારા જેવા મુદ્દાઓ પર ચર્ચા કરશે. આજે વિશ્વ એક નાજુક સમયમાંથી પસાર થઈ રહ્યું હોવાનું માનવામાં આવે છે, જેમાં કોવિડ-૧૯ મહામારી, યુક્રેન યુદ્ધ, અભૂતપૂર્વ માનવીય પડકારો, જળવાયુ પરિવર્તનની ખતરનાક અસરો અને વિશ્વભરના અર્થતંત્ર સામેના ખતરાઓમાં વધારો જેવી જટિલ સમસ્યાઓનો સમાવેશ થયા છે. આમ, આ સમસ્યાઓના ઉકેલો શોધવાની જરૂરિયાત પણ અનુભવાય છે જેમાં બધા માટે અને આવનારી પેઢી માટે વધુ સારા અને મજબૂત વિશ્વના નિર્માણ પર ભાર મૂકવામાં આવે.આ વર્ષે ભારતના વિદેશમંત્રી એસ. જયશંકર ૨૪ સપ્ટેમ્બરે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના સત્રને સંબોધિત કરશે. ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર સંયુક્ત રાષ્ટ્રમાં સુધારાની માગ સાથે ભારત સુરક્ષા પરિષદમાં કાયમી સભ્યપદની માગ કરશે. જોકે હાલમાં તે ડ્રાફ્ટ પર જ કોઈ સર્વસંમતિ નથી.

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના સત્ર દરમિયાન વિશ્વભરના નેતાઓ મહત્ત્વપૂર્ણ પરિષદોમાં ખાદ્ય કટોકટી પર પણ ચર્ચા કરશે. યુએન દ્વારા ૨૦૧૫માં થયેલી સમજૂતી હેઠળ ૨૦૩૦ સુધીમાં ટકાઉ વિકાસ માટે વિશ્વભરના દેશો માટે ૧૭ લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યા છે. સસ્ટેનેબલ ડેવલપમૅન્ટ લક્ષ્યાંકો અથવા સતત વિકાસ લક્ષ્યાંકો પરનું સંમેલન પણ આ વર્ષે એવા સમયે થઈ રહ્યું છે કે જ્યારે મોટા ભાગના વિકાસશીલ દેશો માટે વિશ્વભરમાં વધતા ફુગાવા વચ્ચે ટકાઉ વિકાસ પર કામ કરવું વધુ પડકારજનક બની ગયું છે. સતત વિકાસ લક્ષ્યાંકો અંતર્ગત યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટરેઝની અધ્યક્ષતામાં શિક્ષણ પર ‘ટ્રાન્સફરિંગ એજ્યુકેશન‘ નામની સમિટ પણ યોજાઈ રહી છે.

# વૈરાગ્યથી જ અભયનો ભાવ આવે છે



એક રાજાની પૂત્રીના મનમાં વૈરાગ્યની ભાવના હતી.રાજકુમારી લગ્ન કરવા યોગ્ય થઈ તો રાજાએ તેના લગ્ન માટે તપાસ કરવા છતાં યોગ્ય વર મળતો નથી.રાજાએ પૂત્રીની ભાવનાઓને સમજીને ઘણો જ વિચાર કરીને તેનો વિવાહ એક ગરીબ સંન્યાસી સાથે કર્યો.રાજાએ વિચાર્યું કે એક સંન્યાસી જ રાજકુમારી ની ભાવનાઓની કદ્ર કરી શકશે.

વિવાહ પછી રાજકુમારી ખુશીથી સંન્યાસીની કુટીયામાં રહેવા માટે આવી જાય છે.કુટીયાની સફાઈ કરતી વખતે રાજકુમારીને એક વાસણમાં બે સૂકી રોટલી મળે છે.તેણે પોતાના સંન્યાસી પતિને પુછ્યું કે આ બે રોટલીઓ કેમ રાખી છે? ત્યારે સંન્યાસી જવાબ આપે છે કે આ બે રોટલી આવતી કાલ માટે રાખી છે.જો કાલે ખાવાનું નહી મળે તો આપણે એક-એક રોટલી ખાઈશું.સંન્યાસીનો જવાબ સાંભળીને રાજકુમારી હસીને કહે છે કે મારા પિતાએ મારા લગ્ન આપની સાથે એટલા માટે કર્યા છે કે આપ પણ મારી જેમ વૈરાગી છો, જ્યારે આપ તો ફક્ત ભક્તિ કરો છો અને આવતીકાલની ચિંતા પણ કરો છો.

સાચો ભક્ત એ છે કે જે કાલની ચિંતા કરતો નથી અને જેને પ્રભુ પરમાત્મા ઉપર પૂર્ણ વિશ્વાસ છે. આવતીકાલની ચિંતા તો જાનવર પણ કરતા નથી જ્યારે અમે તો માનવ છીએ.જો ભગવાનની કૃપા હશે તો અમોને ખાવાનું મળશે અને નહી મળે તો સમગ્ર રાત આનંદથી પ્રાર્થના કરીશું.આ વાત સાંભળીને સંન્યાસીની આંખ ખુલી જાય છે.સંન્યાસીને વાત સમજાય જાય છે કે તેની પત્ની જ અસલી સંન્યાસી છે.તેને રાજકુમારીને કહ્યું કે આપ તો રાજાની દિકરી છો.રાજમહેલ છોડીને મારી નાનકડી ઝુંપડીમાં આવ્યા છો, જ્યારે હું તો પહેલાંથી જ એક ફકીર છું તેમછતાં મને કાલની ચિંતા સતાવે છે.ફક્ત કહેવાથી જ કે બાહ્ય પહેરવેશથી કોઈ સંન્યાસી કહેવાતો નથી પરંતુ સંન્યાસને જીવનમાં ઉતારવો પડે છે,આપે મને વૈરાગ્યનું મહત્વ સમજાવ્યું છે.

માનવને ડગલેને પગલે ગુરૂની આવશ્યકતા પડે છે.વર્તમાન સમયમાં સાત પ્રકારના ગુરૂઓ જોવા મળે છે.જે પૈકી વિહિત ગુરૂ સંસારમાંના દુઃખ અને નશ્વરતા સમજાવી વૈરાગ્યનો માર્ગ બતાવે છે.મનુષ્ય આશાની ફાંસી ઉપર લટકી રહ્યો છે તેને તલવારથી કાપવાવાળી કોઈ વસ્તું હોય તો તે ફક્ત વૈરાગ્ય છે. જેના જીવનમાં વૈરાગ્ય આવતો નથી તે અજ્ઞાની પુરૂષ મમતા છોડવાની ઈચ્છા કરતો નથી તેમ શરીર અને તેના બંધનથી મુક્ત થવાનું ઈચ્છતો નથી.આ મન ઘણું જ ચંચળ છે તેમજ મુશ્કેલીથી વશ થનારૂં છે છતાં પણ એ અભ્યાસ અને વૈરાગ્ય વડે વશમાં થાય છે.

ભોગમાં રોગ થવાનો ભય,કુલાભિમાનથી પતનનો ભય, ધનથી રાજાનો ભય, મૌનમાં દીનતાનો ભય, બળવાન હોવામાં શત્રુનો ભય, સુંદરતામાં વૃદ્ધાવસ્થાનો ભય, શાસ્ત્રજ્ઞ હોવામાં વાદ-વિવાદ (વિરોધ)નો ભય, ગુણવાન હોવામાં દુષ્ટોંનો ભય અને શરીરમાં મૃત્યુનો ભય બનેલો રહે છે.ફક્ત વૈરાગ્યમાં જ અભયનો ભાવ હોય છે.

અભ્યાસની સહાય માટે વૈરાગ્યની જરૂર છે કારણ કે સંસારના ભોગોથી જેટલો રાગ દૂર થશે તેટલું જ મન પરમાત્મામાં લાગશે.સંસાર પ્રતિક્ષણ બદલાય છે અને પોતાનું સ્વરૂપ ક્યારેય અને કોઈપણ ક્ષણે બદલાતું નથી આથી સંસાર આપણી સાથે નથી અને આપણે સંસારની સાથે નથી..આવો વિચાર કરવાથી સંસારથી વૈરાગ્ય થાય છે, પોતાના કહેવાવાળા જેટલા કુટુંબીજનો અને સબંધીઓ છે તેઓ આપણી પાસે અનુકૂળતાની ઈચ્છા રાખતા હોય છે તેથી આપણી શક્તિ સામર્થ્ય યોગ્યતા અને સમજ અનુસાર તેમની ન્યાયયુક્ત ઈચ્છા પુરી કરી દેવી અને પરીશ્રમ કરીને તેમની સેવા કરવી પરંતુ તેમની પાસેથી પોતાની અનુકૂળતાની તથા કંઈ લેવાની ઈચ્છાનો ત્યાગ કરવો.આમ કરવાથી સ્વાભાવિક જ વૈરાગ્ય આવી જાય છે, વિષયો અને ઈન્દ્રિયોના સંયોગથી જે સુખની અનુભૂતિ થાય છે તે ક્ષણિક અને પરીણામમાં વિષ બરાબર છે આ સત્યને હૃદયમાં ઉતારી લેવાથી મનમાં વિષયોના પ્રત્યે વૈરાગ્યનો ભાવ આવી જાય છે.

અંતઃકરણમાં જડ પદાર્થોનું સહેજપણ મહત્વ અને આકર્ષણ ના રહે આ જ વૈરાગ્ય છે.કોઈના મૃત્યુના સમયે માણસ તેને પહોચાડવા સ્મશાનમાં જાય છે ત્યારે તેને એમ લાગે છે કે મરનાર ગયો તેમ હું પણ એક દિવસ જવાનો છું.આ બધું ખોટું છે..આવી રીતે માણસને સ્મશાનમાં વૈરાગ્ય થાય છે પરંતુ સ્મશાનમાં હોય ત્યાં સુધી જ આ વૈરાગ્ય ટકે છે.જીવનમાં જ્ઞાનગર્ભ દ્રઢ વેરાગ્ય આવવો જોઈએ.જો શરીર સાથે સબંધ ચાલુ હોય તો સકળ સંસાર સાથે સબંધ ચાલુ રહે છે કેમ કે શરીર સંસારનું જ બીજ અથવા અંગ છે.શરીર સાથે તાદાત્મય ન રહેવું એને જ વૈરાગ્ય કહે છે.જ્યારે મનુષ્ય પોતે એવો અનુભવ કરી લે છે કે હું શરીર નથી, શરીર મારૂં નથી ત્યારે કામના-મમતા અને તાદાત્મય ત્રણેય દૂર થાય છે.આ જ વાસ્તવિક વૈરાગ્ય છે. જેના અંતઃકરણમાં તમામ વાસનાઓનો નાશ થઈ જાય છે.સહુંનું કલ્યાણ થાવ, સહું સુખી થાવ, સૌ નિરોગી થાવ, ક્યારેય કોઈને સહેજ પણ દુઃખ ન થાવ..આ ભાવનું રહેવું તેને જ દ્રઢ વૈરાગ્યનું લક્ષણ કહે છે.

પરમાત્મા માટે સંસારના સર્વ સુખોનો ત્યાગ એ જ સંન્યાસ છે.સર્વ કામ્ય-કર્મો અને સર્વ ઈચ્છાઓનો ત્યાગ તેને જ મહાત્માઓ સંન્યાસ કહે છે.

નાનું બાળક નિશ્ચિંત છે તેમ માણસે ચિંતા છોડી દેવી જોઈએ.જ્યાં સુધી ચિંતા છે ત્યાં સુધી વ્યથા રહેવાની જ ! ચિત્તા માણસને મરી ગયા પછી બાળે છે પણ ચિંતા તો માણસને જીવતાં જ બાળે છે. ભૂતકાળની ચિંતા છોડી દો, ભવિષ્યકાળની લાલસા છોડી દો અને વર્તમાનને પકડો.ભગવાને વિસ્મૃતિ ના રાખી હોત તો ભૂતકાળમાં થયેલી ભૂલો, ભોગવેલા દુઃખો યાદ કરીને માણસ મરી જાત.આ ચિંતા દૂર કરવાનો ઉપાય છેઃખરાબમાં ખરાબ સ્વીકારવાની તૈયારી રાખો,જેથી માનસિક શાંતિ મળશે.

જેમ પુત્રની ચિંતા તેના પિતાને થાય છે તેમ આપણી ચિંતા જગતના પિતા પરમેશ્વરને થાય પરંતુ પુત્રને શું આપવું? ક્યારે આપવું? કેટલું આપવું? તે માતાપિતા જાણતાં હોય છે તેમ પ્રભુ પણ આપણી લાયકાત પ્રમાણે વગર માગે આપતા જ હોય છે તેમજ પ્રભુ સર્વજ્ઞ છે, આપણને શાની જરૂર છે તે તેઓ બરાબર જાણે છે. ભગવાન આપણને આપણી જરૂરીયાત અને લાયકાત પ્રમાણે આપ્યા કરે છે, આપણે ધીરજ રાખવી જોઈએ અને પ્રભુ ઉપર સંપૂર્ણ શ્રધ્ધા રાખવાની જરૂર છે.પ્રભુ જે કંઈ કરશે તે આપણા હિત માટે જ કરે છે.

અમે જો ભગવાનની ભક્તિ કરીએ છીએ તો ભગવાન ઉપર વિશ્વાસ પણ હોવો જોઈએ કે ભગવાન દરેક સમયે અમારી સાથે છે.ભગવાનને અમારી ચિંતા અમારા કરતાં વધુ હોય છે.ક્યારેક અમે ઘણા પરેશાન હોઈએ,કોઈ રસ્તો સૂઝતો ના હોય તો અમારે વિશ્વાસની સાથે પ્રભુ પરમાત્માને યાદ કરી નિરંતર પ્રભુ સુમિરણ કરીશું તો સમસ્યાનું સમાધાન મળશે.

ક્યારેક અમારા જીવનમાં અઘટિત ઘટના બને છે આવી પરિસ્થિતિમાં શું કરવું તે અમારી સમજમાં ના આવે ત્યારે દ્રષ્ટા બનીને શાંતભાવે તટસ્થ થઈને જુઓ.વિપરીત સમયમાં સમયની ધારા સાથે ચાલો, વિરૂદ્ધ દિશામાં ચાલવાનો પ્રયત્ન કરી પોતાની શક્તિને વ્યર્થ ના બગાડો.

અન્યની નજરમાં સારા દેખાડવામાં આખી ઉંમર વ્યતિત થાય છે અને સ્વાર્થના માટે લીધેલો એક ખોટો નિર્ણય અમોને લોકોની નજરમાંથી ઉતારી પાડે છે.વધુ પડતી મહત્વકાંક્ષા,દરેક સમયે કંઈને કંઈક પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિ,ફક્ત અમારૂં જ સારૂં થાય તેવી વિચારસરણીથી અમોને અમારા વ્યક્તિત્વને સમાજમાં સન્માન નહી અપાવી શકે.જે કંઈ મળ્યું છે,જ્યારે પણ મળે અને જેટલું પણ મળે તેનાથી સંતુષ્ઠ રહેવાથી અમારા જીવનમાં આનંદ આવશે અને બીજાઓના પ્રત્યે દિલમાં સન્માનની ભાવના જાગૃત થશે. જીવન છે ત્યાં સુધી અનુકૂળતા-પ્રતિકૂળતા તો આવવાની છે જ પરંતુ ગમે તેવી પરિસ્થિતિ નિર્માણ થાય તેમછતાં જેની મનોસ્થિતિ એકરસ રહે છે તે મહાન અને પૂજનીય બને છે.જરૂરી નથી કે દરેક સમયે અમારી તમામ ઈચ્છાઓ પૂર્ણ થાય,અમે જેની ઈચ્છા કરી હોય તે તમામ અમોને મળે પરંતુ ભાગ્ય અનુસાર જેટલું અને જે કંઈ અને જ્યારે મળે તેનાથી સંતુષ્ઠ રહેવાનું શિખીએ.

જરૂર પડે સબંધોના પુસ્તકમાંથી અમારી ભૂલોનું પાનું ફાડી નાખવું જોઈએ જેથી સબંધો મજબૂત બનેલા રહે.જેવી રીતે ભૂલ થવાથી આખી ડાયરીને ફેંકી દેતા નથી પરંતુ જે પાન ઉપર ભૂલથી ખોટું લખાઈ ગયું હોય છે તે ભૂલવાળું પાન જ ફાડી નાખીને સબંધોને બચાવી લેવા એ જ બુદ્ધિમાની છે.અવિશ્વાસ એ દિવાલની કાચી ઈંટ જેવો છે જે અમારા સબંધોની દિવાલ તોડવાનું કારણ બને છે એટલે સબંધોની મજબૂતી માટે એકબીજા ઉપર પુર્ણ વિશ્વાસ રાખવો એ પ્રથમ આવશ્યકતા છે.વિશ્વાસની ઈંટ જેટલી મજબૂત હશે અમારા સબંધો પણ એટલા જ વધુ ટકાઉ બનશે.વિશ્વાસ જ સબંધોને પ્રેમપૂર્ણ બનાવે છે.અમારા દ્વારા દરેક વાતોનું મૂલ્યાંકન જ્યારે પોતાની દ્રષ્ટિથી કરવામાં આવશે તો અવિશ્વાસ ઉભો થશે એટલે સબંધોની મધુરતાના માટે પોતાના દ્રષ્ટિકોણની સાથે સાથે સામેવાળાની ભાવનાઓની કદર કરવાનો ગુણ આપણામાં હોવો જ જોઈએ.

કોઈપણની સાથે સબંધ જોડવો મહત્વપૂર્ણ નથી પરંતુ સબંધને નિભાવવો મહત્વપૂર્ણ છે.પૂર્વજન્મના કર્મોના સંયોગથી સબંધો જોડાય છે જેને નિભાવવોએ સાધના છે,બુદ્ધિમાની છે.

વિશ્વાસ-ભક્તિ અને સમર્પિતભાવએ ભક્તિનું ઘરેણું છે.ભક્તિમાં અગત્યની બાબત ચેતનતા છે.સંત જાણતા હોય છે કે જીવનમાં કંઈ વાતને અપનાવવાની છે અને કંઈ વાતને છોડવાની છે.

વિનોદભાઈ માછી નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# બાંગ્લાદેશમાં હોડી ઉંધી વળતા ૨૪ હિન્દુનાં મોત, ૧૨ લાપતા

ઢાકા,તા.૨૬

બાંગ્લાદેશમાં હિન્દુ શ્રદ્ધાળુઓ સાથેની એક હોડી કોરોટા નદીમાં ઉંધી વળતા ઓછામાં ઓછા ૨૪ લોકોના મોત થયા હતા અને ૧૨થી વધુ લોકો લાપતા બન્યાં છે. હિન્દુ શ્રદ્ધાળુઓ સદીઓ જૂના બોડેશ્વરી મંદિર જઈ રહ્યાં હતા ત્યારે પંચગઢ જિલ્લામાં આ દુર્ઘટના સર્જાઈ હતી, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. દુર્ગા પૂજા ઉત્સવના પ્રારંભ ગણાતા મહાલાયાના પ્રસંગે શ્રદ્ધાળુઓ હોડીમાં બેસીને બોડેશ્વરી મંદિર જઈ રહ્યાં હતા.

પંચગઢ બોડા સબ ડિસ્ટ્રિક્ટના વહીવટી વડા સુલેમાન અલીએ જણાવ્યું હતું કે હોડી ઉંધી વળતા આશરે ૨૪ લોકોના મોત થયા હતા. તેમાંથી ૮ બાળકો અને ૧૨ મહિલા હતી. કેટલાંકને સ્થાનિક હોસ્પિટલમાં મૃત જાહેર કરાયા હતા. લાપતા લોકોને શોધવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

હોડીમાં આશરે ૭૦થી ૮૦ લોકો બેઠા હતા. પંચગઢના ડેપ્યુટી કમિશનર ઝુહુરુલ હકે જણાવ્યું હતું કે હોડીમાં દેખિતી રીતે તેની ક્ષમતા કરતાં વધુ લોકો બેઠા હતા. દુર્ગા પૂજા દરમિયાન હજારો હિન્દુઓ બોડેશ્વરી મંદિરમાં દર્શન કરતા હોય છે.

# બર્લિંગ્ટન સ્ક્વેરનું નામ કટ્ટર હિંદુ વિચારો માટે જાણીતા અશોક સિંઘલના નામ પર રખાશે

લખનૌ,તા.૨૬

કેન્દ્ર અને રાજ્યમાં સત્તારૂઢ ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રભુત્વ ધરાવતી લખનૌ મ્યુનિસિપલ કોર્પોરેશને આ વર્ષના અંતમાં થનારી નાગરિક ચૂંટણીઓ પહેલા સ્વતંત્રતા સેનાનીઓ અને જમણેરી વિચારધારાઓના નામ પર કેટલાક વિસ્તારોના નામ બદલવાનો નિર્ણય કર્યો છે.

જો કે, લખનૌના મેયર સંયુક્ત ભાટિયાએ કહ્યું હતું કે તેનો ઉદ્દેશ્ય બ્રિટિશ શાસનના પ્રતીકો અને તેમના વારસાને ખતમ કરવાનો છે અને દેશની સ્વતંત્રતા અને પ્રગતિ માટે લડનારા લોકોનું સન્માન કરવાનો છે. મ્યુનિસિપલ અધિકારીઓએ જણાવ્યું હતું કે, મહાનગરપાલિકાની કારોબારી સમિતિની બેઠકમાં નવા નામો નક્કી કરવામાં આવ્યા હતા અને તેમને મંજૂરી માટે સરકારમાં મોકલવામાં આવ્યા છે. પ્રસ્તાવ મુજબ નામ બદલવા માટે હિન્દુવાદી નેતાઓ વિનાયક દામોદર સાવરકર, જનસંઘના સંસ્થાપક શ્યામા પ્રસાદ મુખર્જી અને વિશ્વ હિન્દુ પરિષદના નેતા અશોક સિંઘલના નામ સૂચવવામાં આવ્યા છે.દરમિયાનમાં, બર્લિંગ્ટન સ્ક્વેરનું નામ તેમના કટ્ટર હિંદુ વિચારો માટે જાણીતા અશોક સિંઘલના નામ પર રાખવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે. સિંઘલ





અયોધ્યામાં રામ મંદિર આંદોલનમાં પણ અગ્રણી ભૂમિકા ભજવી રહ્યા હતા. મહાનગરપાલિકાએ સર્વોદય નગરમાં બનેલા ગેટને ‘સ્વતંત્ર વીર વિનાયક દામોદર સાવરકર દ્વાર‘ નામ આપ્યું છે. સાવરકર હિન્દુ મહાસભાના અગ્રણી નેતા હતા.

સમિતિએ નિરાલા નગરના ટિકોનિયા પાર્કનું નામ શ્યામા પ્રસાદ મુખર્જી પર રાખવાના નિર્ણયને પણ લીલી ઝંડી આપી દીધી છે. સંજય ગાંધી પુરમ સ્ક્વેરનું નામ બદલીને ચંદ્રશેખર આઝાદ સ્ક્વેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત વિરમ ખંડ રામ ભવન સ્ક્વેરનું નામ બદલીને ‘અમર શહીદ મેજર કમલ કાલિયા ચૌરાહા‘ કરવામાં આવ્યું છે જ્યારે સરોજિની નગરમાં આઝાદ નગર કોલોની પાર્કનું નામ બ્રિટિશ શાસન વિરુદ્ધ ૧૮૫૭ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામના નાયક મંગલ પાંડેના નામ પર રાખવામાં આવ્યું છે.લાલબાગમાં મહારાજા સુહેલદેવ રાજભરની પ્રતિમા પાસેના ચોકને સુહેલદેવનું નામ આપવામાં આવ્યું છે. સુહેલદેવ શ્રાવસ્તીના રાજા હતા જેમણે ૧૦૩૪ ઈસ્વીમાં બહરાઈચ ખાતે ગાઝી મિયાંને હરાવવા અને મારી નાખવા માટે જાણીતા છે.મ્યુનિસિપલ એક્ઝિક્યુટિવ કમિટીએ પણ રાજાજીપુરમમાં મિની સ્ટેડિયમનું નામ ભાજપના ભૂતપૂર્વ ધારાસભ્ય સુરેશ શ્રીવાસ્તવના નામ પર રાખવાની મંજૂરી આપી છે. મીના બેકરીના ક્રોસિંગનું નામ બદલીને ભારતના શિયા પર્સનલ લો બોર્ડના ભૂતપૂર્વ અધ્યક્ષ મૌલાના મિર્ઝા મોહમ્મદ અત્હર રાખવામાં આવ્યું છે. એવું પૂછવામાં આવતાં કે શું નામોના પરિવર્તન આગામી નાગરિક ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે, ત્યારે લખનૌના મેયરે કહ્યું હતું કે તેને રાજકારણ સાથે બિલકુલ જોડવું જોઈએ નહીં.

મયાંજલિ
તમારો ખૂબ આભાર માનીએ ,
એકચ્યુલી અનહદ
આનંદથી ઉછળીએ છીએ.
બે પાંદડે થયા છીએ,
કોળિયો ધાન ખાઈએ છીએ,
બે ઘડી ઊંઘીએ છીએ.
છોકરાંવ ટીપું દૂધ પામ્યા છીએ
ભય અને ધાક ઘટયા છે.
વાસણો વેચાવાના બંધ થયા છે.
પોલીસડાની હાંક-ધાક ઘટી છે.
ઘરમાં ઉજાશ લીંપાયો છે,
ચહેરા પર સકુન લીંપાયો છે.
પહેલાના કકળાટ,મારપીટ,રડારોળને બદલે,
બે આંખોના મિલન અને પ્રેમ સામ્રાજ્ય નવપલ્લવિત થયું છે.
મૂરઝાયેલા પ્રમાંકુરો પારિજાતના પુષ્પોની માફક પુનઃ ખીલ્યાં છે.
તમારા વ્યસનમુકતિલોક પરગમનથી,
અમે સુખિયા થયા છીએ.
અમને મોઢે પડયા તેવા,
કોઈના મોઢે પડતા નહીં ,
બાટલી દેવીજી!!!
અસ્તુ.
ભરત વૈષ્ણવ
૨૬.૯.૨૦૨૧.#કવિતા

# કહેતા ભી દિવાના, સુનતા ભી દિવાની ઉલ્ટી ગંગા વહી!!!

શીર્ષક વાંચીને નદી, નાળા, ઝરણા, ધોધ, કૂવા , કૂવાના તળ, પાણીના તળ જેવી બાબતો વાંચવાની તૈયારી કે ઈચ્છા હોય તો આગળ એક પક્ષ શબ્દ વાંચ્યા વગર, લેખમાંથી પસાર ( આ નવો ટ્રેન્ડ છે.

જેમાં ભાવક લેખના વાંચન વગર લેખમાંથી પસાર થવાનો દાવો કરે છે. લેખ રસ્તો , કેડી હોય કે પારદર્શક કાગળ હોય તેમાંથી પસાર થવાની વાત કરે છે. દંભનો અર્બન નમૂનો છે!!) જરૂર નથી. ઓકે ,લેટસ સ્ટાર્ટ.

પુરૂષ અને ખાસ કરીને ઠરકી કિસમના પુરુષોનું વર્તન વ્યકિતગત રીતે સાલસ હોય. એ જ વ્યકિત ટોળા કે ભીડમાં હોય ત્યારે વાંદરો ઘરડો થાય પણ ગુલાંટ ન ભૂલે તેવું વર્તન કરે છે. ચિરંજીવ યુવાન યયાતિની જેમ એ ચિરંજીવી અડપલાવીર હોય છે. ભીડનો લાભ લઈને મહિલાઓના શરીર પર હાથફેરો, કોણફેરો કે ધક્કાફ્રો કરી લે છે. એમાં તેને શિકાર કર્યાની હવસ સંતોષાતી હોય તેવી તુપ્તિ મળે છે. આવા હલકટો સ્ટોલન કિસિસ આર ઓલવેઈઝ સ્વીટની આંગ્લ ઉક્તિ સાર્થક થતી હોય તેવું લાગે છે!!!

કોઈ છોકરી બસમાં પુરૂષની આગળ ઉભી હોય એટલે ધક્કો લાગ્યો હોય કે ન હોય, ડ્રાઈવરે બ્રેક મારી ન હોય તો પણ છોકરી સાથે અજાણતાં ભટકાવાનો દેખાવ કરી ડબલ ફોર્સથી ભટકાઈ પડે છે. મોલ, શાકમાર્કેટ જેવી ભીડવાળી જગ્યાએ કમર, કુલા, છાતીએ અણછાજતો સ્પર્શ કરવામાં બહાદુરી સમજે છે. લોફરો ધાર્મિક સ્થાન પણ છોડતા નથી. ધાર્મિક સ્થળોના ખેરખાંઓ પણ આમાંથી બાકાત રહેતા નથી. તમારા ગંદા ઈરાદાનો ભોગ બનનાર મહિલાની માનસિક હાલત શી થતી હશે ?? એ તો સહેમી સહેમી મૃગલીની જેમ ફફડતી રહે છે. અલબત, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈની સીધી લીટીની વારસદાર રણચંડી સ્વરૂપ ધારણ કરીને મજનુની ઓલાદને ધોઈ નાંખે છે .

યુવાનો કરતાં આધેડ, પ્રૌઢ કે વૃધ્ધો સહજ અને સરળતાથી લંપટવેડા કરે છે. દીકરીની ઉંમરની છોકરીને અડપલાં કરે અને હરિશ્ચંદ્રની ઔલાદ છોકરીઓની ઉત્તેજક કપડા, મોડર્ન વર્તણુકનો દોષ કાઢે છે!!યત્ર નારી પૂજયન્તે તત્ર રમન્તે દેવતાની વાતો કરીને નારીને ઉપભોગનું રમકડું માને છે. ફાટેલ વસ્ત્ર થીગડું લગાવી સાંધી શકાય છે, પણ ચારિત્ર્યનું વસ્ત્ર ફાટે તો થીગડું મારી શકાતું નથી.

આમ, તો બધા માટીપગા, ડરપોક, મલોખા જેવા તકલાદી હોય છે! તેને પડકારો એટલે નૌ દો ગ્યારહ થઈ જાય છે. સામાન્ય રીતે મહિલા કોઈને છેડતી નથી. કોઈ રાજકુમાર ગમી જાય તો ચિત્રલેખા રાજકુમાર પ્રદ્યુમ્નનું અપહરણ કરી લે છે.( સૌજન્ય -ઓખાહરણ)

સિનેમા જગતમાં હગ, કિસ વગેરેની નવાઈ નથી. એ રુટિન બાબત છે. પાર્ટીમાં છૂટા દોર હોય છે. હીરો હીરોઈનને જાહેર સમારંભમાં કિસ કરી નાંખે એ અલગ વાત છે!!

હમણા ચોર કોટવાલને દંડે કે ઉલ્ટી ગંગા જેવો બનાવ બન્યો.સારા અલી ખાન નટખટ અદાઓ અને માસુમ ચહેરા વડે લોકપ્રિયતા મેળવી રહી છે.સારાઅલી ખાન એક રેસ્ટોરેન્ટમાં બહેનપણી સાથે ગયેલી. સારા નશો કરીને ટુન થઈ ગયેલી. મુજકો યારો માફ કરના, મૈં નશે મેં હું એવું એલાન ડંકે કી ચોટ પર કરવાનું જ બાકી હતું, તેવું કહેવાય છે. ફિલ્મ જગતમાં એક પણ દૂષણ બાકી રહેતું નથી. ગ્લેમરના જોરે અભિનયની ગાડી ચાલતી નથી. નવા કામ મળે નહીં. જૂનામાં ખાસ દમ હોય નહીં. એટલે શરાબખોરીના રસ્તે વળી જાય.રેસ્ટોર્ન્ટમાં દાખલ થતી વખતે સિકયુરિટી ગાર્ડને અણછાજતો સ્પર્શ કરે છે. જે મોલેસ્ટેશન કહેવાય. જે માટે સારા સોશિયલ મિડિયામાં ટ્રોલ થઈ રહી છે!! આમાં પીડિત એટલે રંગે સિકયુરિટી ગાર્ડનો પણ મુકવામાં આવેલ નથી. ઓફ કોર્સ તેને બમ્પર બોનાન્ઝા કે જેકપોટ લાગ્યો હોય તેવી તેની ફિલિંગ હશે!!! મોરાલિટીની વાત છોડો .

રાજુ રદી . ભાઈ આ વાતમાં રાજુ રદી કયાં આવ્યો તેવો સવાલ તમને થશે?? ભાઈ હું રાજુને વચ્ચે લાવ્યો નથી. રાજુ ખુદ ચારીને જાતે આવ્યો છે. એની દાઢ ડળકી છે. રાજુ મને કહે છે કે સારા કયા રેસ્ટોર્ન્ટમાં ગયેલી? તમારી પાસે તેનું નામ છે? ફોન નંબર છે? રેસ્ટોરેન્ટના માલિકને ભલામણ કરી દો કે મને સિકયુરિટી ગાર્ડની નોકરી આપે. એ કોઈ પાસે છેડાવા ચાહે છે!!!

ભરત વૈષ્ણવ..૨૬.૯.૨૦૨૨.

### રશિયાની શાળામાં અંધાધૂંધ ફાયરિંગ, ૫ બાળકો સહિત ૯ લોકોના મોત

ઈઝેવસ્ક,તા.૨૬

મધ્ય રશિયાની ઈઝેવસ્ક શહેરની એક શાળામાં ફાયરિંગમાં ૫ બાળકો સહિત ઓછામાં ઓછા ૯ લોકોના મોત થયા છે.સુત્રોના જણાવ્યાં મુજબ રશિયાની તપાસ સમિતિએ ટેલિગ્રામ પર એક નિવેદનમાં કહ્યું કે આ અપરાધના કારણે ૯ લોકોના મોત થયા. જેમાં શૈક્ષણિક સંસ્થાનના બે સુરક્ષા ગાર્ડ અને બે શિક્ષકોની સાથે પાંચ સગીરો પણ સામેલ છે. તેમણે જણાવ્યું કે હુમલાખોરે અંધાધૂંધ ફાયરિંગ કરીને પોતે ‘આત્મહત્યા‘ કરી લીધી.

અત્રે જણાવવાનું કે સવારે એક બંદૂકધારીએ શાળા પર હુમલો કર્યો હતો. ઉદમૂર્તિયા વિસ્તારના ગવર્નર અલેક્ઝેન્દ્ર બ્રોચાલોવે એક વીડિયો જારી કરીને કહ્યું કે અજાણ્યો હુમલાખોર વિસ્તારની રાજધાની ઈઝેવસ્ક સ્થિત એક શાળામાં ઘૂસ્યો, તેણે એક સુરક્ષાકર્મી અને ત્યાં હાજર કેટલાક બાળકોની હત્યા કરી નાખી.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

શિર્ષક :-નવરાત્રિ /બાબુ સંગાડા"મહેક"

NOG 109

પ્રકાર :-ગધ



નવરાત ,આસ્થા ને આનંદનો ઉત્સવ છે,પૂનમની રાત હોય ને પોયણીઓ મઘમઘાટ ખીલ્યો હોય ત્યાંરે રાતના આછા અંધકાર વચ્ચે કોયલનો ઘેઘુર ટહુંકો પડી જાયને ચારેબાજું અંજવાસની ગરીમાં હાચવી રાખવા ઉતરી પડતી મજનુંની જમાતો જેવું યૌવન હિલોળે ચડે,ત્યારે જેના શરીરમાં દમ ના હોય તે વયોવૃધ્ધજનો મા આધશક્તિને રીજવવા ગાંડા બની જતા હોય છે.નવરાત અસૂરી તાકાતો દૂર કરી,તેના વિજયોત્સવનો આ તહેવાર માનવમૂલ્યોનું સ્થાપન કરવાનું કામ કરે છે,જીવનની સાચી હકિકતથી માનવને પરિચિત કરે છે.

આજે આ તહેવારો ,ઉત્સવો,આનંદના સાધનો બની ગયા છે

માણસ પોતાના હિતો પ્રસ્થાપિત કરવાનું કામ કરે,તમે જોશો દરેક જગ્યાએ ધર્મની આડમાં માણસ ધંધાખોલી નાખે,તે પછી વ્યપારનું કામ કરે છે,તમને થાય કે આવું હોય શકે?ઈશ્વર આસ્થાનું નામ છે?હા આજે તમે જોશો તો દરેક ધર્મસ્થાનો તેની આડમાં ધંધો કરે છે તમે મા આધશક્તિના ગરબા રમો, હવે એ રમવા પાછળ તમારી માનસિકતા શું છે તમે જાણો છો,

કેમકે દરેક પોતાની વૈચારિકતાના આધાર પર આસ્થાનું વર્ગીકરણ કરે છે.

આપણે માનવમૂલ્યો પ્રસ્થાપિત કરવા હંમેશા કોશિષો કરતા હોઈએ,ધર્મ એટલે શું?માનવમૂલ્યોનું યોગ્ય રીતે જતન કરવા માણસ ધર્મનો સહારો લેતો હોય છે,પણ માણસ પોતાને ભૂલી ત્યાંરે જાય જયારે માણસ ઉપર ધર્મ હાવી બની જાય,ધર્મ એટલે યોગ્ય દિશા,યોગ્ય સંસ્કાર,યોગ્ય માપદંડ સાથે જીવનને પ્રતિબંધીત કરવું.અર્થાત જીવનને યોગ્ય સીમારેખામાં રાખી જીવંત બનાવવાનું માધ્યમ એટલે ધર્મ .નવરાત્રિ નવ નવ દિવસ સુધી હૈયાને આનંદપ્રમોદ કરાવે છે,અહીં માણસ પોતાની જાતને ભૂલી જાણે વસંતના તોરમાં ગુજરવા લાગે છે,આસ્થા સાથે યૌવન આરુંઢ થાય ત્યાંરે ઘણીવાર આસ્થાની મશ્કરી થતી હોય છે.ખેર જે હશે તે માણસની વૈચારિકતા ઉપર આસ્થાનો આધાર ટકેલો છે,જેની જેવી આસ્થા એવી તેની ભક્તિ હોય છે.આજે નવલા નોરતા માણસ માટે ખુશી,આનંદ ઉત્સાહ ભરી જાય એ પાકું છે.આસ્થા કેટલી કારગત નિવડે એ ઈશ્વર જાણે.

# હિંદુઓ મામલો પોતાના હાથમાં લેવાનું નક્કી કરશે તો તહેવાર દરમિયાન અશાંતિ થશે.: રાજ ઠાકરે

મુંબઇ,તા.૨૬

મહારાષ્ટ્રના પુણેમાં કેટલાક પીએફઆઇ સમર્થકોએ પાકિસ્તાન ઝિંદાબાદના નારા લગાવ્યા બાદ રાજકારણ ગરમાયું હતું. હવે આ મામલે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરે પણ કૂદી પડ્યા છે. તેમણે આરોપીઓને ખુલ્લી ચેતવણી આપતા કહ્યું કે ધ્યાન રાખજો નહીંતર હિંદુઓ મામલો પોતાના હાથમાં લેવાનું નક્કી કરશે તો તહેવાર દરમિયાન અશાંતિ થશે.

તેમણે કહ્યું કે, જો આપણે નક્કી કરી લઈએ તો બદમાશોનું શું પરિણામ આવશે તેની તમે કલ્પના પણ નહીં કરી શકો. તેણે કહ્યું કે મને આ બધું કહેવા માટે ઉશ્કેરશો નહીં. સરકારને અપીલ કરતાં તેમણે કહ્યું કે આ રાષ્ટ્રવિરોધી ગતિવિધિઓને તુરંત ખતમ કરવામાં આવે તો સારું રહેશે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને તેમના એક ટ્વીટમાં ટેગ કરતાં એમએનએસ વડા રાજ ઠાકરેએ લખ્યું છે કે જો આપણા પુણે શહેરમાં ‘પાકિસ્તાન ઝિંદાબાદ‘ ‘અલ્લાહુ અકબર‘ જેવા નારા લગાવવામાં આવશે, તો અમારા હિન્દુઓ. દેશ ચૂપ નહીં બેસે. તેના બદલે દેશવિરોધી તત્વોના આ રોગને તાત્કાલિક નાબૂદ કરવામાં આવે તે સારું છે.કથિત રીતે સૂત્રોચ્ચાર કરનારાઓને રાજ ઠાકરેએ કહ્યું કે જો તેમની માનસિક સ્થિતિ આવી હોય તો તમારો ધર્મ લો અને પાકિસ્તાન જાઓ. આપણા દેશમાં આવા નાટકને મંજૂરી આપવામાં આવશે નહીં. હું કેન્દ્ર અને રાજ્યના ગૃહ પ્રધાનોને વિનંતી કરું છું કે તેઓ આવા સંગઠનો સામે કડક કાર્યવાહી કરે. જો નહીં, તો આપણા દેશના હિંદુઓ ચૂપ નહીં રહે. હું આગળ શું થઈ શકે તેની વિગતોમાં જવા માંગતો નથી.

વીડિયોને ટાંકીને, ભાજપે શનિવારે આરોપ લગાવ્યો હતો કે શુક્રવારે જિલ્લા કલેક્ટર ઓફિસની બહાર પીએફઆઇ વિરોધ રેલીમાં પાકિસ્તાન તરફી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. પુણે પોલીસે કહ્યું કે તેઓ પહેલા વીડિયોની ખરાઈ કરશે અને તે મુજબ કાર્યવાહી કરશે. આ વિરોધ એનઆઈએ -ઈડી રાજ્ય પોલીસની પીએફઆઇ નેતાઓ પર ટેરર ફંડિંગના આરોપમાં સંયુક્ત કાર્યવાહી સામે હતો પીએફઆઇ વિરોધ દરમિયાન પાકિસ્તાન તરફી સૂત્રોચ્ચાર કરનારા અસામાજિક તત્વો સામે ફરિયાદ નોંધાવવા રાજ્ય ભાજપ આજે પુણેના પોલીસ કમિશનર અમિતાભ ગુપ્તાને મળશે. બીજેપી પુણેના અધ્યક્ષ જગદીશ મલિકે આ માહિતી આપી છે.

# લખનૌમાં ટ્રેક્ટર-ટ્રોલી તળાવમાં પલટી જવાથી ૧૦ વ્યક્તિઓનાં મોત નિપજયાં

## સીએમ યોગી આદિત્યનાથે લખનઉમાં થયેલા માર્ગ અકસ્માત પર દુ:ખ વ્યકત કર્યું

લખનૌ,તા.૨૬

નવરાત્રિના પહેલા દિવસે લખનઉથી લગભગ ૩૦ કિમી દૂર ઈટોન્જામાં મોટો અકસ્માત સર્જાયો હતો. અહીં ટ્રેક્ટર-ટ્રોલી તળાવમાં પલટી ગઈ હતી, જેમાં મુસાફરી કરી રહેલા ૪૬ લોકો પાણીમાં પડી ગયા હતા. આ દુર્ઘટનામાં ૯ લોકોનાં મોત થયાં છે, જ્યારે ૧૨ લોકો ઘાયલ થયા છે. આ ઘટના ઈટોન્જાથી કુમ્હારવાન રોડ પર ગદ્દીનપુરવાની પાસે બની હતી. આ તમામ લોકો માતાનાં દર્શન કરવા જઈ રહ્યા હતા. ક્ષમતાથી વધુ લોકો સવાર હોવાથી ટ્રેકટર-ટ્રોલી તળાવમાં પલટી ગઈ હતી. હાલમાં લોકોને પાણીમાંથી બહાર કાઢવાની કામગીરી ચાલુ છે.



બધા લોકોને સ્થાનિક પોલીસ અને અન્ય લોકોની મદદથી તળાવમાંથી બહાર કાઢીને હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે, સાથે જ સ્થાનિક લોકોની મદદથી જેમના પેટમાં પાણી ભરાઈ ગયું હતું તેમને બહાર કાઢવાના પ્રયાસો પણ હાથ ધરાયા હતા. સ્થાનિક લોકો અને પોલીસની ટીમે લોકોને બચાવવાની કામગીરીમાં લાગ્યા હતા તેમજ ઘટનાસ્થળે ઓપરેશન રેસ્કયૂ ચાલુ છે. આ દુર્ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. વીડિયોમાં સ્પષ્ટ નજરે પડે છે કે ડૂબેલા તમામ લોકોની હાલત ખૂબ જ ગંભીર છે.

આ ઘટના ઈટોન્જા પોલીસ સ્ટેશન વિસ્તારના કુમ્હરાવન રોડ પર ગદ્દીનપુરવા પાસે બની હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, સવારે આ લોકો ટ્રેક્ટર-ટ્રોલી પર જઈ રહ્યા હતા. અચાનક ટ્રેક્ટર-ટ્રોલી બેકાબૂ થઈને ઊંડા તળાવમાં પડી ગઈ હતી, જેમાં સવાર તમામ લોકો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. લોકો બૂમો પાડી રહ્યા હતા. આસપાસના લોકો ઘટનાસ્થળે પહોંચીને પોલીસને જાણ કરી હતી. પોલીસ આવી ત્યાં સુધીમાં લોકો મદદ માટે તળાવમાં કૂદી પડ્યા હતા. અત્યારસુધીમાં અનેક લોકોને બહાર કાઢવામાં આવ્યા છે, જેમાં મોટા ભાગની મહિલાઓ છે. આમાંથી કેટલાક લોકો મૃત્યુ પામ્યા છે, પરંતુ એની સત્તાવાર પુષ્ટિ થઈ નથી તેમજ આમાં કેટલા લોકોએ જીવ ગુમાવ્યા છે એ ચોક્કસપણે જાણી શકાયું નથી. મળતી માહિતી મુજબ, આ તમામ લોકો નવરાત્રિના પહેલા દિવસે માતાનાં દર્શન કરવા જઈ રહ્યા હતા.

આ અકસ્માત સર્જાયો હતો ત્યાંનો રસ્તો બહુ સાંકડો હતો. અકસ્માત સમયે હાજર ગામના રામ દુલારે કહે છે કે ટ્રેક્ટર-ટ્રોલી સ્પીડમાં હતી. સામેથી એક બાઈકર જઈ રહ્યો હતો. ઓવરટેક કરવાની પ્રક્રિયામાં ટ્રોલી માટીના રસ્તા પરથી નીચે ઊતરી ગઈ હતી. એ બાજુ એક તળાવ હતું. બચાવ માટે બંને તરફના રસ્તાઓ બ્લોક કરી દેવામાં આવ્યા છે. ક્રેન મંગાવવામાં આવી છે. ટ્રેક્ટર-ટ્રોલીને બહાર કાઢવામાં આવી છે. ઘટનાસ્થળે ૮થી વધુ એમ્બ્યુલન્સ મોકલવામાં આવી છે. ૯ મૃતદેહોને જિલ્લા હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે તેમજ ગામવાસીઓને સ્થળ પર આવતા અટકાવવામાં આવી રહ્યા છે.

# ગુલામ નબી આઝાદે પોતાની નવી પાર્ટી-ડેમોક્રેટિક આઝાદ પાર્ટીની જાહેરાત કરી

શ્રીનગર,તા.૨૬

જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ગુલામ નબી આઝાદે નવી પાર્ટીની જાહેરાત કરી છે. તેમની પાર્ટીનું નામ ‘ડેમોક્રેટિક આઝાદ પાર્ટી‘ છે. તેમણે જમ્મુમાં પ્રેસ કોન્ફરન્સ યોજીને નામની જાહેરાત કરી હતી. આઝાદે ગયા મહિને પોતાના પાંચ દાયકા કરતા વધુ સમયથી કોંગ્રેસ સાથેના જૂના સંબંધોથી છેડો ફાડી નાંખ્યો હતો. તેઓ ત્રણ દિવસની મુલાકાતે રવિવારે જમ્મુ આવ્યા હતા.

આઝાદે કહ્યું- મારી નવી પાર્ટી માટે અમને ઉર્દૂ, સંસ્કૃતમાં લગભગ ૧,૫૦૦ નામ મોકલવામાં આવ્યા હતા. હિન્દી અને ઉર્દુનું મિશ્રણ ‘હિન્દુસ્તાની‘ છે. અમે ઈચ્છીએ છીએ કે નામ લોકશાહી, શાંતિપૂર્ણ અને સ્વતંત્ર હોય. આઝાદે ૨૬ ઓગસ્ટે કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું હતું. આ પછી તેમણે કહ્યું હતું કે ટૂંક સમયમાં તેઓ નવી પાર્ટીના નામની જાહેરાત કરશે. તેમણે એમ પણ કહ્યું હતું કે તેમની પાર્ટીની વિચારધારા સ્વતંત્ર હશે. જણાવી દઈએ કે ગુલામ નબી આઝાદ રવિવારે જ શ્રીનગર પહોંચી ગયા હતા. ૨૭ સપ્ટેમ્બર સુધી અહીં જ રહેશે જે બાદ તેઓ દિલ્હી જવાના છે.

ગુલામ નબીએ કહ્યું હતું કે માત્ર ધર્મનિરપેક્ષ લોકો જ તેમની પાર્ટીમાં જોડાઈ શકે છે. તેમણે કહ્યું કે જનતા પાસેથી પાર્ટીના નામ બાબતે સૂચનો પણ માંગવામાં આવ્યા હતા. શ્રીનગરની મુલાકાત દરમિયાન પણ તેમણે સમર્થકો સાથે પાર્ટીના નામ વિશે વિચાર-વિમર્શ કર્યા હતા અને તે પછી પ્રેસ કોન્ફરન્સ યોજીને નવી પીર્ટીની જાહેરાત કરવામાં આવી હતી.

ગુલામ નબી આઝાદે પોતાની પાર્ટીના ધ્વજનું પણ અનાવરણ કર્યું છે. તેમણે કહ્યું કે, ધ્વજનો પીળો રંગ સર્જનાત્મકતા, એકતા અને વિવિધતાને દર્શાવે છે. સફેદ રંગ શાંતિ અને વાદળી રંગ સ્વતંત્રતા, મુક્ત વિચારોને દર્શાવે છે. ગુલામ નબી આઝાદની રાજકીય કારકિર્દીનો સુવર્ણ સમય પણ ૨૦૦૫માં આવ્યો જયારે તેઓ જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી બન્યા હતા. જ્યારે આઝાદ જમ્મુ અને કાશ્મીર પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ હતા ત્યારે કોંગ્રેસે વિધાનસભા ચૂંટણીમાં ૨૧ બેઠકો જીતી હતી.પરિણામે, કોંગ્રેસ રાજયમાં બીજા નંબરની સૌથી મોટી રાજકીય પાર્ટી તરીકે ઉભરી આવી હતી. ૨૦૦૮માં અમરનાથ ભૂમિ આંદોલનને કારણે તેમણે પદ પરથી રાજીનામું આપવું પડ્યું હતુ.

# અયોધ્યામાં મંદિરમાં રાખેલી યોગીની મૂર્તિ ગાયબ:મંદિર બનાવનારી વ્યક્તિ પણ ગુમ

અયોધ્યા,તા.૨૬

અયોધ્યામાં મુખ્યમંત્રી આદિત્યનાથના મંદિરમાંથી તેમની મૂર્તિ ગાયબ થવાની ઘટના સામે આવી છે. મંદિર બનાવનારી વ્યક્તિ પણ રવિવાર બપોરથી ગુમ છે. ફોન પણ સ્વિચ ઓફ છે. ગામવાસીઓના જણાવ્યા મુજબ, રવિવારે બપોરે ૪-૫ લોકો કારમાં આવ્યા હતા અને મૂર્તિ ઉઠાવીને લઈ ગયા. તેમણે મંદિરના દરવાજા પર તાળું પણ લગાવ્યું છે. આ પહેલાં મહેસૂલ વિભાગની ટીમ મંદિરનું માપ લેવા માટે આવી હતી. વરસાદ પડતાં ટીમ પરત ફરી હતી. મૂર્તિ કોના કહેવાથી હટાવી અને કોણ લઈ ગયું એ અંગેની જાણકારી હમણાં સુધી મળી નથી. જોકે ગામવાસીઓના કહેવા પ્રમાણે, જિલ્લા વહીવટીતંત્રે મૂર્તિ હટાવી લીધી છે, પરંતુ હજુ સુધી એની કોઈ પુષ્ટિ થઈ નથી.

એક દિવસ પહેલાં મંદિર બનાવનાર પ્રભાકર મૌર્યના કાકા રામનાથ મૌર્યએ આ કિસ્સામાં સીએમ પોર્ટલ પર ફરિયાદ કરી હતી. રામનાથે કહ્યું, ×જે જમીન પર યોગીજીનું મંદિર બન્યું છે એ ઉજ્જડ જમીન છે. આ જમીન પર તેમના પૂર્વજોએ દાયકાઓથી કબજો જમાવ્યો હતો. જમીન પર જે વૃક્ષો વાવ્યાં હતાં એ પ્રભાકરે વેચી દીધા હતા અને મંદિર બનાવીને જમીન પર કબજો કર્યો હતો.

ગામવાસીઓએ નામ ન જણાવવાની શરતે જણાવ્યું હતં કે વહીવટીતંત્રે મંદિરમાંથી મૂર્તિ હટાવી દીધી છે. વહીવટીતંત્રની ટીમ ૧૧ વાગ્યાની આસપાસ ગામમાં પહોંચી હતી. વરસાદ શરૂ થતાં ટીમ ફરી પાછી ફરી હતી. ત્યાર બાદ પોલીસ અને અધિકારીઓ કાર લઈને પહોંચ્યા અને મૂર્તિને લઈ મંદિરને તાળું મારી દીધું હતું.

પ્રભાકર મૌર્યના કાકા રામનાથ મૌર્યએ જમીન પર કબજો કરીને મંદિર બનાવવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે સીએમ યોગીને પણ આ મુદ્દે ફરિયાદ કરી હતી. આ પછી જિલ્લા વહીવટીતંત્રે કેસની તપાસ જીહ્રસ સોહાવલને સોંપી હતી.એસડીએમ સોહાવલ મનોજ કુમાર શ્રીવાસ્તવે કાનૂનગોને સમગ્ર ઘટનાની તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. રવિવારે કાનૂનગો દયારામ વર્મા અને લેખપાલ સૂર્યભાન પાઠક, દિનેશ ચૌરસિયાની ટીમે સ્થળ પર તપાસ કરી હતી. તપાસમાં આ જમીન આચાર્ય નરેન્દ્રદેવ કૃષિ યુનિવર્સિટીની હોવાનું બહાર આવ્યું છે.સીઓ રાજેશ તિવારીએ કહ્યું હતું કે મૂર્તિ મંદિરમાં સ્થાપિત છે, એને હટાવવામાં આવી નથી. સોશિયલ મીડિયા પર ફરતી માહિતી ખોટી છે. મહેસૂલ વિભાગની ટીમ માપણી કરવા સ્થળ પર આવી હતી, પરંતુ વરસાદ શરૂ થતાં ટીમ પરત ફરી હતી. તેમણે જણાવ્યું હતું કે પ્રભાકરનો મોબાઈલ નંબર બંધ આવી રહ્યો છે અને તે ગામમાં પણ મળ્યો નથી. તેની શોધખોળ ચાલુ છે.પ્રભાકર મૌર્યએ કહ્યું હતું કે મેં ૨૦૧૫માં સંકલ્પ લીધો હતો કે જે અયોધ્યામાં રામ મંદિર બનાવશે તેનું મંદિર બનાવી દરરોજે તેની પૂજા કરીશ. તેથી ૨૦૧૬માં મેં એક ભજન ગાયું હતું.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ

## સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ: ક્રૂડ તેલમાં નરમાઈ

પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ. ૧૦૭૧૫ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૫૮૩૦ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ. ૬૨ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૨૧,૭૭૩ સોદાઓમાં કુલ રૂ.૧૬,૬૦૬.૯૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૧૦૭૧૪.૭૩ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૫૮૩૦.૦૮ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧,૧૧,૦૬૬ સોદાઓમાં કુલ રૂ.૬,૨૬૪.૬૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૯,૩૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૯,૬૮૮ અને નીચામાં રૂ.૪૯,૨૯૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯૨ વધી રૂ.૪૯,૪૯૩ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૯ ઘટી રૂ.૩૯,૫૭૬ અને ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૬ ઘટી રૂ.૪,૯૦૬ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯,૨૦૦ના ભાવે ખૂલી, રૂ.૬૧ વધી રૂ.૪૯,૪૪૩ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૫,૮૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૬,૧૮૫ અને નીચામાં રૂ.૫૫,૪૧૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૩૬૩ ઘટી રૂ.૫૫,૮૭૦ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ. ૩૯૧ ઘટી રૂ.૫૬,૩૨૦ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩૯૬ ઘટી રૂ.૫૬,૪૩૩ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૪,૮૭૨ સોદાઓમાં રૂ.૨,૨૨૯.૨૫ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૫૫ ઘટી રૂ.૧૯૦.૩૦ અને જસત સપ્ટેમ્બર વાયદો રૂ.૫.૯૦ ઘટી રૂ.૨૬૮ના ભાવ થયા હતા. આ સામે તાંબુ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩.૨૦ ઘટી રૂ.૬૨૬.૭૫ તેમ જ સીસું સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨.૨૫ ઘટી રૂ.૧૭૯ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૮,૫૮૦ સોદાઓમાં કુલ રૂ.૨,૧૭૦.૮૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૪૧૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૪૭૫ અને નીચામાં રૂ.૬,૩૪૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૮ ઘટી રૂ.૬,૪૦૮ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૩.૫૦ ઘટી રૂ.૫૪૨.૨૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭૩૩ સોદાઓમાં રૂ.૪૯.૯૪ કરોડનાં કામકાજ થયા હતા. કોટન સપ્ટેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૨,૩૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૨,૭૩૦ અને નીચામાં રૂ.૩૨,૧૮૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૮૦ વધી રૂ.૩૨,૫૭૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૯.૬૦ વધી રૂ.૯૮૩.૩૦ થયો હતો.

કામકાજની દ્દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૭૨૧.૦૯ કરોડનાં ૭,૫૧૨.૫૯૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૫૪૩.૫૭ કરોડનાં ૪૫૩.૪૨૩ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૦૦૮.૯૨ કરોડનાં ૧૫,૭૨,૭૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૧૬૨ કરોડનાં ૨૦૫૮૧૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૨૭.૫૦ કરોડનાં ૮૬૦૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૨૨.૪૪ કરોડનાં ૨૨૫.૩૬ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૧,૩૮૪.૪૪૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૩૧.૭૪૫ ટન, ક્રૂડ તેલમાં ૧૧૪૧૩૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૯૧૭૨૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૫૬૩૦૦ ગાંસડી, મેન્થા તેલમાં ૭૯૯.૫૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૬૨.૧૪ કરોડનાં ૯૦૮ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૧૩,૬૫૦ના સ્તરે ખૂલી, ૩ પોઈન્ટ ઘટી ૧૩,૬૮૮ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૫,૮૩૦.૦૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૨૮.૬૬ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯૬.૮૪ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪,૯૭૨.૬૫ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૩૧.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૨૦૬.૮૭ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૬૨.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૭૯ અને નીચામાં રૂ.૧૪૩.૧૦ રહી, અંતે રૂ.૧૦.૨૦ ઘટી રૂ.૧૬૦.૧૦ થયો હતો. જયારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪૭.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૫૦ અને નીચામાં રૂ.૪૦.૧૫ રહી, અંતે રૂ.૨.૨૫ ઘટી રૂ.૪૧.૭૫ થયો હતો. સોનું નવેમ્બર રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૬૩.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૦૦૦ અને નીચામાં રૂ.૬૬૦ રહી, અંતે રૂ.૬૯.૫૦ વધી રૂ.૯૨૨.૫૦ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૮૩૫ અને નીચામાં રૂ.૭૦૭ રહી, અંતે રૂ.૯૬ ઘટી રૂ.૭૬૦.૫૦ થયો હતો. સોનું-મિની ઓક્ટોબર રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪૫ ખૂલી, ઊપરમાં રૂ.૫૫૫ અને નીચામાં રૂ.૪૩૭ રહી, અંતે રૂ.૫૩.૫૦ વધી રૂ.૫૨૭ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૦૦.૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૨૭.૨૦ અને નીચામાં રૂ.૧૮૩.૬૦રહી, અંતે રૂ.૧૧ વધી રૂ.૨૦૩.૨૦ થયો હતો. જયારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૫૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪૩ ખૂલી, ઊપરમાં રૂ.૫૩.૯૦ અને નીચામાં રૂ.૪૧.૫૦ રહી, અંતે રૂ.૬.૮૦ વધી રૂ.૫૧.૭૫ થયો હતો.

સોનું નવેમ્બર રૂ.૪૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૫૪૧ અને નીચામાં રૂ.૪૩૫ રહી, અંતે રૂ.૬ વધી રૂ.૪૫૯ થયો હતો.

ચાંદી નવેમ્બર રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૧૮૫.૫૦ખૂલી, ઊપરમાં રૂ.૨,૩૨૭.૫૦ અને નીચામાં રૂ.૧,૯૮૩.૫૦ રહી, અંતે રૂ.૧૪૨ વધી રૂ.૨,૧૧૯ થયો હતો. ચાંદી-મિની નવેમ્બર રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૮૯૯.૫૦ખૂલી, ઊપરમાં રૂ.૨,૦૦૨ અને નીચામાં રૂ.૧,૭૩૧.૫૦ રહી, અંતે રૂ.૨૦૯ વધી રૂ.૧,૮૮૫ થયો હતો.

# કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી શ્રી અમિત શાહની અધ્યક્ષતામાં અમદાવાદના બાવળા APMC ખાતે 'ઋણ સ્વીકાર સંમેલન' યોજાયું

અમદાવદ ,

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઇ શાહે અમદાવદ જિલ્લાના બાળવા ખાતે ખેડૂત સંમેલનમાં સંબોધન કરતાં કહ્યુ કે, આજે મારા જેવા વ્યક્તિ માટે આ વિસ્તારના સંસદ સભ્ય તરીકે બહુ સંતોષનો દિવસ છે. કારણ કે અનેક વર્ષોથી સિંચાઇ વિનાના કુલ ૧૬૪ ગામો સંપૂર્ણ સિંચાઇ વ્યવસ્થાથી મળી રહી છે. ગુજરાત સરકારે પહેલા ૧૫૩ ગામો અને ત્યારબાદ આપણા એકદમ સૂકાભઠ્ઠ ૧૧ ગામો આમ કુલ ૧૬૪ ગામોના ૬૯૬૩૨ હેક્ટરના ખેડૂતોને નર્મદાનું પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ, ઋષિકેશ પટેલ તેમજ ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનો આભાર વ્યક્ત કરતા ગૃહ મંત્રીશ્રીએ કહ્યું કે, મારા ક્ષેત્રના આ ૧૬૪ ગામોમાં તમે પાણી નથી મોકલ્યું પણ શાક્ષાત લક્ષ્મી મોકલવાનું કામ કર્યું છે.

આ અમદાવાદ જિલ્લામાં નર્મદાનું પાણી નહેરથી આવવાથી અહીનો ખેડૂત આવનારા સમયમાં ૩ પાક લેતો થશે અને આર્થિક રીતે સમૃદ્ધ થશે તેવો વિશ્વાસ શ્રી અમિતભાઇ શાહે વ્યક્ત કર્યો હતો.

આ અવસરે વડાપ્રધાનશ્રીનો આભાર વ્યક્ત કરતા કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે, નરેન્દ્રભાઇ જો નર્મદાનું પાણી ગુજરાતમાં ન લાવ્યા હોત, અમદાવાદ જિલ્લા સુધી ન લાવ્યા હોત તો શું પરિસ્થિત હોત એ આપણે સૌ જાણીએ છીએ. શ્રી નરેન્દ્રભાઇએ ભગીરથ કાર્ય કરીને મા નર્મદાનું પાણી અમદાવાદ જિલ્લા સુધી પહોંચાડયું છે.

ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે વધુમાં કહ્યું કે, સાણંદ તાલુકાના ૩૭ અને બાવળા તાલુકાના ૧૬ ગામો જે તેમના મતવિસ્તારમાં આવે છે, તેમને નર્મદાના પાણીનો લાભ મળશે.



ભૂતકાળમાં ખેડૂતો ઉપર ખાતરના નામે કાળા બજારની લાઠીઓ પડતી પરંતુ હાલમાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકારે પ્રાકૃતિક ખેતીનો સંદેશ સૌ ખેડૂતોને આપ્યો છે. ગુજરાતમાં ત્રણ લાખ કરતા વધારે ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી છે. યુરિયાના ખૂબ મોટા ઉપયોગથી ખેતીમાં ડાંગર, ઘઉં જેવા પાકો રસાયણયુક્ત ઉગતા હતાં, પરંતુ હવે ગુજરાત સરકારના પ્રાકૃતિક ખેતી તરફના પ્રયત્નોથી ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. ગાયની મહત્વતા સમજાતા તેમણે કહ્યું કે, એક ગાયને પાળવાથી તેના દ્વારા પ્રાપ્ત થતા ખાતરથી યુરીયા અને કીટનાશકનો ખર્ચો બચી જાય છે અને ગાય દ્વારા કરેલી પ્રાકૃતિક ખેતી સફળ બને છે એમ તેમણે ઉમેર્યુ હતું.

શ્રી અમિતભાઈ શાહે ખેડૂતોને અપીલ કરતા કહ્યું કે, હાલમાં પાંચ દસ પ્રગતિશીલ ખેડૂતો જે ખેતીમાં સારું કરી રહ્યા હોય તેઓ પ્રાકૃતિક ખેતી

**૧૬૪ ગામો નર્મદાના કમાન્ડ એરિયામાં સમાવિષ્ટ થતા સાંસદ તરીકે આજે સંતોષનો દિવસ**

**શ્રી નરેન્દ્રભાઇ ભગીરથ કાર્ય કરીને નર્મદાનું પાણી અમદાવાદ સુધી લાવ્યા**

**પ્રાકૃતિક ખેતી સફળ રહી તો પાંચ વર્ષમાં ગુજરાત યુરિયામુક્ત**

કરતા ખેડૂતોની મુલાકાત લે અને તેમની પાસેથી પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજે. જો પ્રાકૃતિક ખેતી ગુજરાતમાં સફળ રહી તો પાંચ વર્ષમાં જ ગુજરાત યુરિયા મુક્ત ખેતી કરતું જોવા મળશે.

પ્રાથમિક સેવા સહકારી મંડળીમાં પહેલા ધિરાણ એજન્સીઓ પેટ્રોલ પંપ, પાણી વિતરણ, પીસીઓ જેવા કામો નહોતા કરી શકતા પરંતુ હવેથી અનેકવિધ કામો પ્રાથમિક સેવા સહકારી મંડળીમાં જોડાઈને તેઓ કરાવી શકશે. થોડા જ સમયમાં મલ્ટીસ્ટેટ કો-ઓપરેટીવ સોસાયટીનું કાર્યપાલન અમૂલના ધારાધોરણો પ્રમાણે થશે જેમાં સીધો નફો ખેડૂતોના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર થશે અને ખેડૂત મિત્રોને તેનો સીધો લાભ મળશે.

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, શ્રી અમિતભાઇ શાહની આજે ઉપસ્થિતિ એ આપણા સૌ માટે સૌભાગ્યની વાત છે. નળકાંઠાના ખેડૂતો પાણીના પડકાર વચ્ચે ખેતી કરતા હતા. પણ સિંચાઈથી વંચિત ખેડૂતોને હવે સિંચાઈનું પાણી ઉપલબ્ધ થશે. આ નિર્ણય કરવા બદલ શ્રી અમિતભાઇ શાહનો આભાર તેમણે માન્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, હરિયાળી ક્રાંતિ અને ખેડૂતોની ઉન્નતિનું સપનું શ્રી નરેન્દ્રભાઇમાં નેતૃત્વમાં સાકાર થઈ રહ્યું છે. જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાનમાં જય અનુસંધાન ઉમેરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ કૃષિ ક્ષેત્રે પણ ટેકનોલોજીના ઉપયોગની નવી રાહ ચીંધી છે. ગુજરાતમાં ડ્રોન ટેકનોલોજીથી ખાતર - દવાનો છંટકાવ, રાસાયણિકના બદલે પ્રાકૃતિક ખેતીને પ્રાથમિકતા આપવના પરિણામે આજે ડાંગ જિલ્લો ૧૦૦ % રાસાયણિક ખાતરથી મુક્ત બન્યો છે. એમ તેમણે ઉમેર્યું હતું.

વડાપ્રધાનશ્રીના હરિત ક્રાંતિના સ્વપ્નને ઝડપથી પૂર્ણ કરવા સમગ્ર સરકાર ટીમ તરીકે કટિબદ્ધ હોવાની પ્રતિબદ્ધતા પણ તેમણે વ્યક્ત કરી હતી.આરોગ્ય અને પાણી પુરવઠા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે સંબોધનમાં જણાવ્યું હતું કે, પાંચ તાલુકાના આ વિસ્તારને નર્મદાના કમાન્ડ એરિયામાં સમાવવા બદલ ૧૩૨ ગામના ખેડૂતો શ્રી અમિતભાઇ શાહ અને શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના આભારી છે. ખેડૂતો સંપન્ન બને, તેમના પરિવારોની ઉન્નતિ થાય તેવો નિર્ણય કર્યો છે જેનાથી ખેડૂતોની આવક વધશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.ધોળકાના ધારાસભ્ય શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આ તકે જણાવ્યું હતું કે, આ જગ્યા આજે ઐતિહાસિક બની ગઈ છે. તેમણે વધુમાં જણાવ્યું કે, ધરોઈ ડેમમાંથી મળતું ૧૦૦૦ ક્યુસેક પાણી બંધ થયું હતું. શ્રી નરેન્દ્રભાઇ મોદી જયારે મુખ્યમંત્રી હતા ત્યારે પહેલા સાબરમતી અને ત્યારબાદ ફતેવાડી કમાન્ડના ગામોને નર્મદાના કમાન્ડમાં સમાવવામાં આવ્યા છે.

# 'ગાંધી જયંતી' તથા 'વિશ્વ પ્રાણી દિવસ' નિમીતે નોનવેજના વેચાણ બંધ રાખવા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને એનીમલ હેલ્પલાઈનની રજૂઆત






સમગ્ર વિશ્વ આગામી તા.૦૨/૧૦/૨૦૨૨, રવીવારનાં રોજ 'ગાંધી જયંતી' તથા તા.૪/૧૦/૨૦૨૨ મંગળવારનાં રોજ 'વિશ્વ પ્રાણી દિવસ' (વર્લ્ડ એનીમલ ડે) તરીકે ઉજવણી કરશે. પ્રાણીનાં સંરક્ષણ, હકક માટેનો આ વિશ્વવ્યાપી દિવસ ગણવામાં આવે છે. આ પર્વ નિમીતે સમગ્ર ગુજરાતમાં કતલખાના, ઈંડા, માંસની લારીઓ, દુકાનો બંધ રખાવવા ગુજરાત સરકારનાં જીવદયા પ્રેમી મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલને કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ—એનીમલ હેલ્પલાઈન દ્વારા રજુઆત કરવામાં આવી છે.

આ દિવસોની પવિત્રતા ધ્યાનમાં લઈને જાહેર કતલખાના તેમજ જાહેર લારી તેમજ દુકાનોમાં વહેંચતા માંસ, ઈંડા અને મચ્છીનાં વેપાર સદંતર બંધ રાખવા સમસ્ત જનતા વતી ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડના મિતલ ખેતાણી, એનીમલ હેલ્પલાઈનનાં પ્રતીક સંઘાણી, રમેશભાઈ ઠકકર, ધીરૂભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠકકર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ, ગૌરાંગભાઈ ઠકકર, પારસભાઈ મહેતા દ્વારા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરવામાં આવી છે.



**અમદાવાદના ભાડજ સર્કલ પર૭૩.૩૩ કરોડના ખર્ચે નિર્માણ પામેલ ઓવરબ્રિજનું કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતશાહના હસ્તે લોકાર્પણ**

# આંગણવાડી વર્કરોને માત્ર ૨૮ ટકા પગાર વધારો કરાતા મહિલા અધિકાર મંચ દ્વારા વિરોધ

ગાંધીનગર ,,

ગુજરાતની મહિલાઓની તાકાતથી સારી રીતે પરિચિત ગુજરાત સરકાર પોતાના મળતિયા સંગઠનોને ચર્ચા માટે બોલાવી નજવો વેતન વધારો કરી સંગઠનો મારફતે આંદોલન પુરુ કરવાની જાહેરાત કરાવી વાહવાહી લુંટી રહી છે સરકારની આવી મહિલા વિરોધી નિતીનો મહિલા અધિકાર મંચ દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે અને આંગણવાડી વર્કર, તેડાગર, મીની આંગણવાડી વર્કર તેમજ આશાવર્કરોને લઘુત્તમ વેતન આપવા, અનુભવી આંગણવાડી વર્કરોને મુખ્ય સેવિકા તરીકે બઢતી આપવા, મીની આંગણવાડી વર્કરને સમાન કામ સમાન વેતનના મુજબ આંગણવાડી સમકક્ષ પગાર ચુકવવા તેમજ દર વર્ષે ૧૫ ટકા પગાર વધારો આપવા મુખ્યમંત્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ.

મહિલા અધિકાર મંચના મુખ્ય કન્વીનર ડો મિતાલીબેન સમોવાએ જણાવ્યું હતુ કે ધારાસભ્યોએ ચુટણી જીતતા જ પોતાના પગારમાં ૬૫ ટકાનો તોતીંગ વધારો કરી દીધો જયારે આંગણવાડી વર્કરને પાંચ વર્ષ બાદ માત્ર ૨૮ ટકા પગાર વધારો આપી ભારોભાર અન્યાય કરવામાં આવી રહ્યો છે અને આંગણવાડી વર્કરના સરકારના મળતિયા સંગઠનો જે લઘુત્તમ વેતનની માંગ કરી આંદોલનોની જાહેરાત કરતા હતા એ અત્યારે પોતાના ઘર ભરી સરકારની વાહવાહી કરી ગુજરાતની હજારો આંગણવાડી અને તેડાગર બહેનોનું અહિત કરી રહ્યા છે ત્યારે મહિલાઓએ દર વર્ષે લવાજમ ઉઘરાવી ચુટણી સમયે સરકાર સાથે સાંઠગાંઠ કરતા સંગઠનોથી ચેતીને પોતાના હક ન મળે ત્યાં સુધી લડી લેવા મિતાલી સમોવાએ આહ્વાન કર્યું હતું

આભાર
મિતાલીબેન સમોવા
મુખ્ય કન્વીનર
મહિલા અધિકાર મંચ

# વિરમગામના ધારાસભ્ય લાખાભાઈ ભરવાડની પોતાના જન્મદિવસ ની વૃદ્ધાશ્રમમાં અનોખી ઉજવણી





વિરમગામ,

વિરમગામના ધારાસભ્ય લાખાભાઈ ભરવાડે આજે પોતાના જન્મદિવસ ની ઉજવણી દેત્રોજ તાલુકાના કાંત્રોડી ખાતે આવેલા વૃદ્ધાશ્રમમાં જઈ અનોખી ઉજવણી કરી હતી. જેમાં વૃદ્ધાશ્રમ ના તમામ વડીલોને શાલ ઓઢાડી તેમનુ મનોબળ વધાર્યુ હતું. ત્યારબાદ દરેક વડીલોને મનપસંદ ભોજન જમાડી તેમના આશીર્વાદ લીધા હતા. અત્રે ઉલ્લેખનીય છેકે વિરમગામ ના ધારાસભ્ય લાખાભાઈ વર્ષોથી પોતાના જન્મદિવસ ની ઉજવણી ની શરૂઆત કોઈ એક વૃદ્ધાશ્રમ થી જ શરૂ કરે છે. જે અંગે પૂછતાં તેમણે જણાવ્યું હતું કે માતા-પિતા એ આ જગતના જીવતા-જાગતા દેવ છે તેમણે પોતાના પેટે પાટા બાંધીને બાળકોને ઉછેરી મોટા કર્યા, ભણાવ્યા, પરણાવ્યાં અને વેલસેટ કર્યા એ માતાપિતાને આજની પેઢીના યુવાનો વૃદ્ધાશ્રમમાં મૂકી આવે તે ખરેખર દુ:ખ ની બાબત છે. તેઓ આ અંગે વધુ જણાવતા કહ્યું કે આજે તમામ યુવાપેઢીને પોતાના મા-બાપને દેવતુલ્ય ગણી પોતાના ઘરે જ સેવા કરવી જોઈએ અને ધીમે ધીમે વૃદ્ધાશ્રમની જરૂર જ ના પડે તેવી સામાજિક જવાબદારી નક્કી કરવા જણાવ્યું હતું. ત્યારબાદ કોંગ્રેસ પાર્ટી ના તેમજ સંગઠનના વિવિધ આગેવાનોએ ધારાસભ્ય લાખાભાઈ ની રૂબરૂ મુલાકાત લઈ જન્મદિવસ ની શુભેચ્છાઓ પાઠવી હતી.

# આગામી વિધાનસભા ચૂંટણીના અનુસંધાને શહેર ભાજપ દ્વારા આઈ.ટી.-સોશિયલ મીડિયા સંદર્ભે સંગઠનના પદાધિકારીઓની બેઠક યોજાઈ




ગાંધીનગર ,

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, તા.૨૫ સપ્ટેમ્બર રવિવારના રોજ ભૈરવનાથ પાર્ટી પ્લોટ, રાયસણ ખાતે આગામી વિધાનસભા ચૂંટણીના અનુસંધાને શહેર ભાજપ દ્વારા આઇ.ટી.-સોશિયલ મીડિયા સંદર્ભે મહાનગર સંગઠનના પદાધિકારીઓની બેઠક યોજાઇ હતી. જેમાં પ્રદેશ આઈ.ટી.વિભાગના કન્વીનરશ્રી નિખિલ પટેલ, શહેર ભાજપ પ્રમુખશ્રી ઋચિર ભટ્ટ, પ્રભારીશ્રી મોહનલાલ પટેલે સોશિયલ મીડિયાના ઉપયોગ અંગે વિવિધ મુદ્દે માર્ગદર્શન આપ્યું હતું અને ઉપસ્થિત અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓ સાથે પરસ્પર સંવાદ કર્યો હતો.

આ બેઠકમાં ગાંધીનગર દક્ષિણના ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર, મહાનગરના ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટે.કમિટી ચેરમેનશ્રી જસવંત પટેલ, પ્રદેશ આઇ.ટી. વિભાગના સહ કન્વીનરશ્રી મહેશ મોદી, મહામંત્રીશ્રીઓ કનુભાઈ દેસાઈ, ગૌરાંગ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, મહાનગરના વોર્ડ, મોરચા, વિભાગ, સેલના સંગઠનના અપેક્ષિત પદાધિકારીઓ, કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજયનાં ૧૨ હજારથી વધુ રેવન્યુ કર્મચારીઓની કાલથી બે મુદતી હડતાલ

રાજકોટ તા.૨૬

વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે બરોબર ત્યારે જ છેલ્લા કેટલાક દિવસોથી સરકાર સામે ખૂદ સરકારનાજ કર્મચારીઓ એ વર્ષો જુના પડતર પ્રશ્નો અંગે બાયોં ચડાવી છે અને ગાંધીનગરમાં જુદા-જુદા વિભાગના કર્મચારીઓ દ્વારા લડત ચલાવવામાં આવી રહી છે. બરોબર ત્યારે જ સરકારના સૌથી વધુ મહત્વના ગણાતા મહેસુલી ખાતાના કર્મચારીઓ દ્વારા પણ આવતીકાલથી ગુજરાત રાજય રેવન્યુ કર્મચારી મહામંડળના આદેશઅનુસાર રાજયવ્યાપી બે મુદતી હડતાલ શરૂ કરવામાં આવનાર છે.અત્રે ઉલ્લેખનીય છે કે ગત સપ્તાહમાં જ મહેસુલ ખાતાના વર્ગ-૩ના નાયબ મામલતદારો, કલાર્ક અને મહેસુલી તલાટીઓએ જુદા-જુદા પડતર પ્રશ્નો અંગે એક દિવસની માસ સી.એલ. રાખી હતી. જો કે આ માસ સી.એલ. થતા રાજયસરકાર દ્વારા આજસુધી મહેસુલી કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે કોઈ નિરાકરણ નહીં લાવતા હવે આવતીકાલથી રાજકોટ સહિત રાજયભરના મહેસુલી કર્મચારીઓ (વર્ગ-૩) બે મુદતી હડતાલ ઉપર ઉતરી જનાર છે. રેવન્યુ કર્મચારી મહામંડળના હોદેદારોના જણાવ્યા અનુસાર કર્મચારીઓના ભવિષ્યના વિશાળ હિતને ધ્યાને લઈ ના છુટકે રેવન્યુ કર્મચારીઓને હડતાલનો રસ્તો અપનાવવાની ફરજ પડી છે.

સરકારને આપેલા અલ્ટીમેટમ છતા આજસુધીમાં સરકાર દ્વારા પડતર પ્રશ્નો અંગે કોઈ નિરાકરણ નહીં લાવતા રાજકોટ જિલ્લાના ૫૦૦ સહિત રાજયભરના ૧૨૦૦૦થી વધુ નાયબમામાલતદારો, કલાર્ક અને મહેસુલી તલાટીઓ આવતીકાલથી બે મુદતી હડતાલ શરૂ કરી દેનાર છે. કર્મચારી મંડળના હોદેદારોના જણાવ્યા અનુસાર રેવન્યુ કર્મચારી વર્ગ-૩ દ્વારા છેલ્લા ઘણા સમયથી ખાસ કરીને જુની પેન્શન યોજના લાગુ કરવી.

ફીક્સ પગાર બાબતે સરકારે સુપ્રિમ કોર્ટમાં દાખલ કરેલ પીટીશન પરત ખેંચી ફીક્સ પગારની પ્રથા બંધ કરવી તેમજ સાતમા પગાર પંચમાં તમામ ભથ્થાઓ એરીયર્સ સહિત ચુક્વવા વર્ષ-૨૦૧૨ના કલાર્કને તાત્કાલીક ધોરણે નાયબમામલતદારને પ્રમોશન આપવા અને ૩૦ જુને નિવૃત થતા કર્મચારીઓને હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટ દ્વારા ઈજાફો આપવા માટે થયેલ જોગવાઈનો તાત્કાલીક અમલ કરવા ઉપરાંત હાલમાં વિભાગકક્ષાએ નાયબમામલતદાર તથા કલાર્કની જિલ્લા ફેરબદલીઓની માંગણીઓ પેન્ડીંગ છે. તે સ્વીકારવી અને હાલની સીનીયોરીટી મુળ અસરથી રદ કરી નિમણુંકની તારીખથી તમામ કર્મચારીઓની સીનીયોરીટી ગણવી તથા વર્ષ-૨૦૧૨થી નાયબમામલતદાર કક્ષાની સીધ્ધી ભરતી થી જગ્યા ભરવામાં આવેલ તેમને પ્રથમથી જ ખાતાકીય પરીક્ષાઓ ફીક્સ-પે થી ફુલ-પે જેવી બાબતોનો અન્યાય દુર કરવો ઉપરાંત સરકારી ઓફીસરોને જે પીટીએ માં હાલની મોંઘવારીને ધ્યાને લઈ પીટીએ વધારવા સહિતની એક ડઝન માંગણીઓ સરકારે આજ સુધી સ્વીકારી નથી. આથી આવતીકાલથી રેવન્યુ કર્મચારી મહામંડળના આદેશ

# પાટીદાર સમાજ પર થયેલા કેસો પાછા ન ખેંચાય તો બસપા દ્વારા રાજયવ્યાપી આંદોલન

રાજકોટ,તા.૨૬

પાટીદાર સમાજ પર થયેલા કેસો તત્કાલ પાછા ખેંચવાની માંગ ઉઠાવી બહુજન સમાજ પાર્ટી ગુજરાત પ્રદેશના મહામંત્રી ચમનભાઈ સવસાણીએ આજે જિલ્લા કલેકટર તંત્ર મારફતે મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવ્યું હતું.આ અંગે બહુજન સમાજ પાર્ટી ગુજરાત પ્રદેશના મહાસચિવ ચમનભાઈ સવસાણીએ જણાવેલ હતું કે છેલ્લા ૭ વર્ષથી પાટીદાર સમાજના જે પડતર પ્રશ્નો છે તેમાં બે મુખ્ય પ્રશ્નો પાટીદાર સમાજ ઉપર કેસો કરવામાં આવ્યા તે પાછા ખેંચવામાં આવે અને બીજુ શહીદ થયેલા પરિવારને સરકાર નોકરી આપે.અત્યાર સુધી ભાજપના ત્રણ-ત્રણ મુખ્યમંત્રી બદલાઇ ગયા હજુ પણ ૭ વર્ષથી તેમ પરિણામ આવ્યું નથી. અત્યારે પણ હજુ સરકારી નોકરીયાત આંદોલન ચલાવી રહ્યા છે.૨૦૧૫થી ૨૦૧૯ સુધી આંદોલન ચાલ્યું હતું તે કેસો પાછા ખેંચવાનાં હતાં તે સરકારે વચન આપીને ફરી જતી હોય રાષ્ટ્રીય કક્ષાના નેતા હોયકે કેબીનેટ મંત્રી હોય કે સીએમ હોય એક જ જવાબ હોય અમે કેસો પરત લઇ લેશું.તેવી જ લોલીપોપ જ આપે છે. ૬૫ સીટો પર પાટીદારનું પ્રભુત્વ છે. સાત સાત વર્ષથી રીઝલ્ટ આવ્યું નથી. અત્યારે જે આંદોલનો ચાલી રહ્યા છે (અલગ અલગ) સરકારના માણસો અને મંત્રીઓ આવે તો ખાલી ખાલી વચનો જ આપે છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CMYK